
# આત્મધર્મ

## વર્ષ ૩૨

## સળંગ અંક ૩૭૫

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |




# * કેવળીભગવાનની ક્ષાયિકી-ક્રિયા *

## તેના નિર્ણયમાં જ્ઞાન ને ઉદયની ભિન્નતાનો નિર્ણય

અહો, સર્વજ્ઞ–તીર્થંકર દેવ! આપની દિવ્યતા ખરેખર આશ્ચર્યકારી છે.....કર્મનો ઉદય પણ આપને મોક્ષનું કારણ થાય છે, બંધનું કારણ નથી થતો. આપના કેવળજ્ઞાનના કોઈ અચિંત્ય પ્રભાવને લીધે ઉદયની ક્રિયાઓ પણ આપને તો મોક્ષનું જ કાર્ય કરી રહી છે, કેમકે ઉદયના કાળે આપને કર્મનું બંધન જરા પણ નથી થતું, પણ ઊલ્ટો કર્મનો ક્ષય જ થતો જાય છે, એટલે તે ઉદયક્રિયાઓ પણ આપને માટે તો ક્ષાયિકી–ક્રિયા જ છે.

–તો હે ભગવાન! આપના અચિંત્ય કેવળજ્ઞાનનો સ્વીકાર કરનારું અમારું સમ્યગ્જ્ઞાન, તે પણ મોહનો ક્ષય કરતું–કરતું મોક્ષ તરફ જાય–એમાં શું આશ્ચર્ય છે? પ્રભો! મોક્ષના માર્ગે ચડેલા અમારા જેવા સાધકો જ આપની ક્રિયાઓને ક્ષાયિકી ક્રિયારૂપે સ્વીકારી શકે છે. હે સર્વજ્ઞદેવ! ઉદય વખતે પણ આપના ક્ષાયિકભાવને જેણે ઓળખી લીધો તેનું જ્ઞાન ઉદયભાવોથી છૂટું પડીને ક્ષાયિકભાવ તરફ ચાલ્યું.

(પ્રવચનસાર ગા. ૪૫)

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૫૦૧ પોષ (લવાજમઃ છ રૂપિયા) વર્ષ ૩૨ઃ અંક ૩

વાર્ષિક લવાજમ — વીર સં. ૨૫૦૧
છ રૂપિયા — પોષ :
વર્ષ ૩૨ — ઈ. સ. ૧૯૭૫
અંક ૩ — જાન્યુ.

આત્મધર્મ


# ❀ ચિન્તા છોડો રે ભાઈ ! ❀

જીવો ઘણી-ઘણી ચિન્તાઓ કરી-કરીને દુઃખી થાય છે; પણ એકવાર ચિન્તા છોડીને ઉપયોગને અંતરમાં જોડે તો એવી કોઈ અદ્‌ભુત નિજવસ્તુને દેખે, ને એવું સુખ થાય-કે પછી ચિન્તાનું કોઈ કારણ ન રહે. શું આપ ચિન્તા કરો છો ?-હા.... તો આ ભજન વાંચો, ને બધી ચિન્તા છોડીને પરિણતિને આત્મામાં જોડો.

ચિન્તા છોડો રે ભાઈ.... નિજમેં દેખો રે ભાઈ !
નિજમેં સુખકી ખાન ભરી હૈ, કયા પરકા ફિર કામ,
બાહરકે સંયોગમેં રે, દેખો ન આતમરામ. ચિન્તા૦
અનુભવકી ન્યારી દશા રે, આનન્દસે ભરપૂર,
જો નિજ અનુભવ કર સકો રે, ચિન્દા ભાગે દૂર. ચિન્તા૦
બાહરકી અનુકૂલતા હો, યા પ્રતિકૂલ સંયોગ,
જ્ઞાનીકો તો સુખસાગર રે અન્તરકા ઉપયોગ. ચિન્તા૦
શુદ્ધ અખંડ સ્વભાવમેં રે, ક્ષણિક વિભાવ અભાવ,
ચિન્તાકા કારણ બને રે અસત્‌ સંયોગી ભાવ. ચિન્તા૦
તૂ યદિ સુખકો ચાહતા રે, પરણતિ નિજમેં જોડ,
ચેતન ! નિજ-વૈભવ તેરા રે, પરસે નાતા તોડ......
ચિન્તા છોડો રે ભાઈ, નિજમેં દેખો રે ભાઈ !

‘એક આત્માર્થી’, ગૌહાટી-આસામ

જીવનું સાચું જીવન ને મહાવીરનો સાચો સન્દેશ
ઉપયોગ લક્ષણ જીવ છે, ને એ જ સાચું જીવન છે;
એ જીવજો જીવડાવજો, પ્રભુ વીરનો ઉપદેશ છે.
ચેતન–જીવન વીરપંથમાં, નહિ દેહજીવન સત્ય છે;
ચેતન રહે નિજભાવમાં, બસ! એ જ સાચું જીવન છે.

જોરશોરથી પ્રચાર ચાલે છે કે ‘જીવો ને જીવવા દો’–એ મહાવીરનો સંદેશ છે.–પરંતુ, તેમાં મૂળભૂત એક વાત સમજવી જરૂરી છે કે ‘જીવનું જીવન’ શું છે? જીવનું સાચું જીવન શું છે તે જાણ્યા વગર પોતે તેવું જીવન જીવશે કઈ રીતે? ને બીજાને તેવું જીવન જીવવાનું બતાવશે કઈ રીતે?

જીવનું સાચું જીવન શું છે? શું આ શરીરમાં બેસી રહેવું, શ્વાસ લેવા, કે હરવું–ફરવું તે જીવનું જીવન છે? શું આયુષ્યને આધીન દેહપીંજરામાં પુરાઈ રહેવું તે જીવન છે?–ના, તો તો પછી દેહ વગર આત્મા જીવી શકે જ નહિ. શું સિદ્ધ ભગવંતો દેહ અને ખોરાક વગર જ જીવન નથી જીવતા? –જીવે છે, એટલું જ નહિ પણ તેઓ જ સાચું સુખી જીવન જીવે છે.

શેનાથી જીવે છે?–ઉપયોગથી જીવે છે. ઉપયોગ એ જ જીવનું સાચું જીવન છે. સર્વજ્ઞદેવનો સાચો સન્દેશ એ છે કે ઉપયોગ એ જ જીવનું જીવન છે. ઉપયોગ વડે જ તમે જીવંત છો. તમારે જીવવા માટે (જીવપણે રહેવા માટે) ઉપયોગ સિવાય અન્ય કોઈ વસ્તુની જરૂર નથી. માટે સાચું સ્વાધીન અને સુખી જીવન જીવવું હોય તો તમારા ઉપયોગસ્વરૂપ આત્માને ઓળખો; ને દેહાદિ વડે જીવવાની બુદ્ધિ છોડો. દેહ અને ઉપયોગ એ બંને તદ્દન ભિન્ન વસ્તુ છે. એવી ભિન્નતા જાણો ને શુદ્ધ ઉપયોગરૂપે પરિણમીને આનંદમય જીવન જીવો.

ભગવાન આવું આનંદમય જીવન જીવે છે; ને
જગતના જીવોને એવું જીવન જીવવાનો ઉપદેશ દીધો છે.
આ છે મહાવીરનો સન્દેશ!

અમારો આફ્રિકાનો પત્ર–

આફ્રિકાથી નાઈરોબી મુમુક્ષુમંડળના ચેરમેન લખે છે કે “આત્મધર્મ વાંચી પ્રમોદભાવે લખું છું. હું ચોવીસ વર્ષ થયા આત્મધર્મ વાંચું છું અને નવો અંક ક્યારે હાથમાં આવે તેની રાહ જોઉં છું. અમારા જેવા મુમુક્ષુઓને આવું અપૂર્વ આત્મધર્મ કોઈ મહા પુણ્યના યોગે મળ્યું છે–નહિતર ભારત અને ભારત બહાર વસતા મુમુક્ષુઓને સાચો જૈનમાર્ગ કોણ બતાવત? આ તો વર્તમાનકાળે ગુરુદેવનો યોગ મળ્યો ને તત્ત્વજ્ઞાનની વાત મળી. આત્મધર્મના સંપાદન દ્વારા તમે ખરેખર પ્રશંસનીય અને જૈનધર્મની ખુબજ પ્રભાવના તથા ઉલ્લાસપૂર્વક સેવા કરો છો. શ્રી ગુરુદેવના સાન્નિધ્યમાં રહીને જે અપૂર્વ લાભ લીધો તેથી તમે ભાગ્યશાળી છો...ને આત્મહિત સાધી રહ્યા છો. આત્મધર્મ દ્વારા જૈનસમાજને સત્ તત્ત્વજ્ઞાન પીરસ્યું છે. આપને ધન્યવાદ પાઠવું છું. અમે આફ્રિકાથી છ વખત ગુરુદેવના દર્શન કરવા તથા તેમના શ્રી મુખેથી નીકળતી સાક્ષાત્ ભગવાન મહાવીરની વાણી સાંભળવા ભારત આવ્યા છીએ. ગુરુદેવના પ્રતાપે અપૂર્વ લાભ મળ્યો છે; નહિતર આટલે દૂર દેશમાં રહીને આવો લાભ મળવો દુર્લભ છે.’’ નાઈરોબી. (Po. Box 43129)

–લી. જેઠાલાલ દેવરાજ શાહ,

# સર્વજ્ઞસ્વભાવી આત્મા

## દિવ્ય જ્ઞાનસ્વભાવી આત્મા તે જૈનશાસનનું મહાન રત્ન છે.

## તેને જેણે જાણી લીધું તેણે સમસ્ત જૈનશાસનને જાણી લીધું

(પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનસાર ગાથા ૪૯ પરનાં પ્રવચનોમાંથી)

ઉપયોગસ્વરૂપી આત્મા, સર્વને જાણનાર એવા સર્વજ્ઞસ્વભાવી છે; આવા પોતાના સર્વજ્ઞસ્વભાવને જે ન જાણે, ન અનુભવે તે સર્વ પદાર્થોને પણ જાણી શકતો નથી. આત્મા સર્વજ્ઞસ્વભાવી છે–એમ જે સ્વસંવેદનથી જાણે છે તે જીવ બધાય જીવોને જ્ઞાનસ્વરૂપી જાણે છે. જ્ઞાનઅપેક્ષાએ બધાય જીવો સાધર્મી–સમાનધર્મી છે.

'સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;
તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાય.'

જે જ્ઞાન સામાન્ય છે તે પોતાના અનંતજ્ઞાન વિશેષોમાં વ્યાપનારું છે; જ્ઞાન સામાન્ય પોતે અનંત વિશેષોરૂપે પરિણમે છે. કેવળજ્ઞાન અનંતવિશેષોરૂપ મહાન જ્ઞાન છે, તેમાં જ્ઞાનસ્વભાવ વ્યાપે છે. જો કે મતિ–શ્રુતજ્ઞાનમાં પણ અનંત વિશેષો છે, પણ કેવળજ્ઞાન સર્વોત્કૃષ્ટ છે; સમસ્ત પદાર્થોનો પ્રતિભાસ જેમાં એકસાથે ભર્યો છે એવું અદ્‌ભુત અનંત વિશેષોસ્વરૂપ કેવળજ્ઞાન, તેમાં સર્વજ્ઞસ્વભાવી મહાસામાન્ય જ્ઞાન વ્યાપેલું છે; ને તે આત્માનો સ્વભાવ જ છે.–આવા આત્માને જે સ્વાનુભવ–પ્રત્યક્ષ નથી કરતો તેને સર્વજ્ઞપણું હોતું નથી.

જુઓ, ૮૦ મી ગાથામાં કહ્યા પ્રમાણે અરિહંતદેવના ચૈતન્યરૂપ દ્રવ્ય–ગુણ–પર્યાયને જાણે તેમાં આવા સર્વજ્ઞસ્વભાવી આત્માનું જ્ઞાન ભેગું આવી જ જાય છે. અરે, સર્વજ્ઞતાની તાકાતની શી વાત! રાગ જેને ઝીલી શકે નહિ, ને રાગનો કણ જેમાં સમાય નહિ–એવા સર્વજ્ઞસ્વભાવને તો સ્વસન્મુખ અતીન્દ્રિયજ્ઞાન જ ઝીલી શકે છે. અરે, સર્વજ્ઞ અરિહંતને પોતાના જ્ઞાનમાં સમાડવા–એ તે કાંઈ સાધારણ વાત છે!

ભાઈ, તારી જ્ઞાનપર્યાયમાં તારા જ્ઞાનસ્વભાવને જ વ્યાપેલો દેખ.
તારી જ્ઞાનપર્યાયમાં પરવસ્તુને કે રાગને વ્યાપેલો ન દેખ.

અહા, આવો જ્ઞાનસ્વભાવ નક્કી કરે ત્યાં તો પરથી ને રાગથી જ્ઞાન છૂટું પડી જાય, ભેદજ્ઞાન થઈને મોક્ષમાર્ગ ઊઘડી જાય.

* ભાઈ, જાણવારૂપે તારું જ્ઞાન છે, તે જ્ઞાનમાં કોણ વ્યાપ્યું છે? જ્ઞાનમાં જણાતાં શરીરાદિ બાહ્ય પદાર્થો કાંઈ જ્ઞાનમાં વ્યાપતા નથી, તે તો જ્ઞાનથી બહાર જ છે. જો અચેતન પદાર્થો જ્ઞાનમાં વ્યાપીને તન્મય થાય તો જ્ઞાન પણ અચેતન થઈ જાય.

* રાગ–દ્વેષાદિ ભાવો–કે જેઓ જ્ઞાનમાં અન્યજ્ઞેયપણે જણાય છે, તે રાગ–દ્વેષભાવો પણ જ્ઞાનમાં વ્યાપેલા નથી. જો જ્ઞાનમાં રાગ–દ્વેષ વ્યાપેલા હોય તો, તે રાગ–દ્વેષ છૂટી જતાં જ્ઞાન પણ છૂટી જાય, રાગ–દ્વેષ વગર જ્ઞાનનું અસ્તિત્વ રહી ન શકે.– પરંતુ રાગ–દ્વેષના અભાવમાંય જ્ઞાન તો પોતાના સર્વજ્ઞસ્વરૂપે શોભી રહે છે. માટે જ્ઞાનમાં રાગ–દ્વેષ વ્યાપેલા નથી. પછી પૂજા–ભક્તિનો શુભરાગ હો, કે વિષય–કષાયનો પાપ–રાગ હો, તે જ્ઞાનનું સ્વરૂપ નથી.

* હવે ત્રીજી વાતઃ પૂર્વની જે જ્ઞાનપર્યાય છે તે વ્યય થાય છે ને પછીની જ્ઞાનપર્યાય ઉત્પન્ન થાય છે, ત્યાં પૂર્વની પર્યાય તે પછીની પર્યાયમાં વ્યાપતી નથી; મતિ–શ્રુતજ્ઞાન છૂટીને કેવળજ્ઞાન થયું ત્યાં તે કેવળજ્ઞાનમાં મતિ–શ્રુતજ્ઞાનપર્યાય વ્યાપતી નથી, એટલે પર્યાયના ખંડખંડ સામે જોવાનું રહેતું નથી. બે સમયની પર્યાયો કદી એક થતી નથી.

* તો હવે કોણ બાકી રહ્યું–કે જે આત્માની વિશેષજ્ઞાનપર્યાયમાં વ્યાપે છે! અને તે વિશેષજ્ઞાનપર્યાય જેને અવલંબીને પ્રવર્તે છે! વિશેષ વખતે જ આત્માનો જ્ઞાનસામાન્યરૂપ મહાન સ્વભાવ છે તે જ વિશેષોમાં વ્યાપે છે. જ્યારે જુઓ ત્યારે તે પોતામાં વિદ્યમાન જ છે. અનાદિઅનંતકાળની જે વિશેષ જ્ઞાનપર્યાયો (–જેમાં ભવિષ્યની અનંત–કેવળજ્ઞાનપર્યાયો પણ આવી જાય છે–તે સમસ્ત પર્યાયો) માં વ્યાપે એવો એક જ્ઞાનસ્વભાવી આત્મા હું છું–એમ ધર્મીજીવ સ્વસંવેદનપ્રત્યક્ષ વડે પોતાના આત્માને જાણે છે. પોતાના સામાન્ય અને વિશેષ બંનેમાં તેને જ્ઞાન જ દેખાય છે.

* આવો જ્ઞાનસ્વભાવી આત્મા–એ જૈનશાસનનું મહાન રત્ન છે; તે જેણે જાણી લીધું તેણે સમસ્ત જૈનશાસનને જાણી લીધું. આત્માના જ્ઞાનસ્વભાવને જે જાણતો નથી તે સર્વજ્ઞદેવને કે ગુરુને કે શાસ્ત્રના તાત્પર્યને પણ જાણી શકતો નથી. પોતાના જ્ઞાનમાં જ્યાં પોતાનો સર્વજ્ઞસ્વભાવ જાણ્યો ત્યાં પંચપરમેષ્ઠીની કે નવતત્ત્વોની સાચી ઓળખાણ થઈ. આવા સ્વભાવને જાણનારી શ્રુતજ્ઞાનપર્યાયમાં પણ અતીન્દ્રિય શાંતિ–

સહિતની કોઈ પરમઅદ્ભુત તાકાત ભરેલી છે. અને ધર્મીને તે પર્યાયમાં પણ પોતાનો અખંડ સામાન્યજ્ઞાનસ્વભાવ વ્યાપેલો દેખાય છે.

* અરે, પોતાની પર્યાયની અંદર વ્યાપેલા પોતાના જ્ઞાનસ્વભાવને પણ જે ન જાણે, તે પોતાની પર્યાયથી બહાર એવા પરદ્રવ્યને કયાંથી જાણે ? જે આંધળો પોતાના શરીરને નથી દેખતો તે બીજાને કયાંથી દેખશે? સમ્યગ્દ્રષ્ટિ તો પોતાના સર્વજ્ઞસ્વભાવી આત્માને ઇન્દ્રિયાતીત મતિશ્રુતજ્ઞાનવડે પ્રત્યક્ષ કરે છે, પછી તેની વિશેષ ભાવનારૂપ એકાગ્રતા વડે શુદ્ધોપયોગી થઈ રાગ–દ્વેષનો ક્ષય કરી, કેવળજ્ઞાનરૂપ પરિણમે છે. તે કેવળજ્ઞાન સંપૂર્ણ જ્ઞાન–વિશેષોવાળું પરિપૂર્ણ છે, ને કેવળજ્ઞાની પ્રભુ એવા અનંત વિશેષોરૂપે પરિણમેલા સર્વજ્ઞસ્વભાવી આત્માને કેવળજ્ઞાનવડે સાક્ષાત્–પ્રત્યક્ષ જાણે છે.

* ભગવાન મહાવીર આવા સર્વજ્ઞ છે; –એમ સર્વજ્ઞસ્વરૂપે તેમની ઓળખાણ તે જ 'સર્વજ્ઞ મહાવીર' ની સાચી ઓળખાણ છે. એવી ઓળખાણ કરનાર જીવ આત્માને જાણીને મહાવીરના માર્ગે મોક્ષમાં જાય છે. **जय महावीर**

## શોધી કાઢો-'એક મજાનું કામ !'

## ( જે તમે અત્યારે કરી રહ્યા છો )

એક કામ એવું સુંદર મજાનું ને હિતકાર છે કે જે તમે એકલા–એકલા પણ કરી શકો છો; તે કામ કરતી વખતે જાણે આપણે વહાલી માતાના ખોળામાં બેઠા હોઈએ એવી શાંતિ થાય છે; તે કામ એવું મજાનું છે કે જે કરવાથી આપણો થાક ઊતરી જાય છે; મુમુક્ષુ એકલો હોય ત્યારે આ કામ તેનું ખાસ સાથીદાર બની જાય છે ને તેને આનંદ પમાડે છે; આ કામ સદાય લાભકારક જ છે, તેનાથી કદી નુકશાન થતું નથી. તે કામ સૌએ વખાણ્યું છે ને લગભગ દરેક મુમુક્ષુ તે સારૂં કામ દરરોજ કરતો હોય છે; તે કામ એવું નિર્દોષ છે કે મુનિઓ પણ તે કામ કરે છે; દિવસે તેમજ રાત્રે પણ તે થઈ શકે છે. તેનો છેલ્લો અક્ષર '...ય' છે. તમે પોતે પણ અત્યારે તે કામ કરી જ રહ્યા છો.–

–કહો જોઈએ કયું છે તે કામ ?

# શ્રાવકનાં ૨૧ ગુણો

અધ્યાત્મ-કવિ પં. બનારસીદાસજીએ નાટક સમયસારમાં છેલ્લે ૧૪ ગુણસ્થાનનું વર્ણન કર્યું છે; તેમાં અણુવ્રતરૂપ પંચમગુણસ્થાનના વર્ણનમાં શ્રાવકનાં ૨૧ ગુણો બતાવ્યા છે. તે સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી હોવાથી અહીં આપીએ છીએ. દરેક મુમુક્ષુએ આ ગુણોનું સ્વરૂપ વિચારીને પોતામાં ધારણ કરવા; તેના વડે જીવન શોભી ઊઠશેઃ-

( સવૈયા )

લજ્જાવંત, દયાવંત, પ્રશાંત, પ્રતીત્તવંત, પરદોષકો ઢકૈયા, પર-ઉપકારી હૈ;
સૌમ્યદૃષ્ટિ, ગુણગ્રાહી, ગરિષ્ટ, સબકો ઇષ્ટ, શિષ્ટપક્ષી, મિષ્ટવાદી, દીરઘ-વિચારી હૈ;
વિશેષજ્ઞ, રસજ્ઞ, કૃતજ્ઞ, તજ્ઞ ધરમજ્ઞ, ન દીન ન અભિમાની, મધ્ય વ્યવહારી હૈ;
સહજ વિનિત, પાપ ક્રિયાસોં અતીત ઐસો શ્રાવક પુનીત ઇકવીસ ગુણધારી હૈ.

૧. લજ્જાવંતઃ- કોઈ પણ પાપકાર્ય, અન્યાય, અનીતિ વગેરેમાં તેને શરમ આવે કે અરે! હું જૈન; હું જિનવરદેવનો ભક્ત, હું આત્માનો જિજ્ઞાસુ, -તો મને આવા પાપકાર્ય શોભે નહિ; મારું જીવન તો રત્નત્રયરૂપ ઉત્તમ ભાવવાળું હોય.

૨. દયાવંતઃ- અરે, આ ઘોર દુઃખમય સંસાર, તેમાં જીવો કેવા દુઃખી છે!! મારા નિમિત્તે કોઈ જીવને દુઃખ ન હો, કોઈને દુઃખ દેવાનો ભાવ મને ન હો મારો આત્મા દુઃખથી છૂટે, ને જગતના જીવો પણ દુઃખથી છૂટે,- એવી દયા ભાવના હોય છે.

૩. પ્રશાંતઃ- કષાય વગરના શાંત પરિણામ હોય; માન-અપમાનાદિના નજીવા પ્રસંગોમાં વારંવાર ક્રોધ થઈ આવે, કે નજીવા પ્રસંગમાં હરખના હીલોળે ચડી જાય-એવું તેને ન હોય; બંને પ્રસંગોમાં વિશેષ ક્રોધ કે હરખ વગર શાંત-ગંભીર પરિણામવાળો હોય.

૪. પ્રતીતવંતઃ– દેવ–ગુરુ–ધર્મ ઉપર તેમજ સાધર્મી ઉપર તેને પ્રતીત હોય છે. વાત–વાતમાં સાધર્મી ઉપર સંદેહ કરવો તે શ્રાવકને શોભે નહિ પોતાનું અપમાનાદિ થાય, પ્રતિકૂળતા આવે કે બીજાના માનાદિ વધી જાય તેથી ધર્મમાં સન્દેહ કરતો નથી, દ્રઢ પ્રતીતિ રાખે છે.

૫. પરદોષને ઢાંકનારઃ– અરેરે, દોષમાં તો જગતના જીવો ડુબેલા જ છે, ત્યાં પારકા દોષ શું જોવા? મારે તો મારા દોષ મટાડવાના છે. કોઈ સાધર્મી કે અન્ય જીવથી દોષ થઈ જાય તો તેની રક્ષા કરીને દોષ દૂર થાય તેમ કરવું ઉચિત છે; પણ દોષ દેખીને નિંદા કરવી ઉચિત નથી.

૬. પરઉપકારીઃ– ધર્મબુદ્ધિવડે તેમજ તન–મન–ધનાદિવડે પણ પરજીવોનો ઉપકાર કરે છે. જગતના જીવોનું હિત થાય, સાધર્મીઓને દેવ–ગુરુ–ધર્મના સેવનમાં સર્વ પ્રકારે અનુકૂળતા આપું ને તેઓ નિરાકૂળપણે ધર્મને આરાધે–એવી ઉપકારભાવના શ્રાવકને હોય છે.

૭. સૌમ્યદ્રષ્ટિવંતઃ– એની દ્રષ્ટિમાં સૌમ્યતા હોય છે; જેમ માતા બાળકને મીઠી નજરે જુએ છે તેમ ધર્માત્મા બધા જીવોને મીઠી નજરે જુએ છે. એને જોઈને બીજા ભયભીત થાય–એવી કઠોરતા હોય નહિ; પરિણામ ઘણા સૌમ્ય હોય છે–જેનો સંગ બીજા જીવોને શાંતિ પમાડે છે.

૮. ગુણગ્રાહીઃ– ગુણનો ગ્રાહક હોય છે; સમ્યક્ત્વાદિ ગુણોને દેખીને તેની પ્રશંસા કરે છે; અલ્પ ક્રોધાદિ દોષ દેખીને સમ્યક્ત્વાદિ ગુણો પ્રત્યે અનાદર કરતો નથી, પણ ગુણોને ઓળખીને તેનો આદર કરે છે. પોતાનું કોઈ અપમાનાદિ કરે તેથી તેના ગુણનો પણ અનાદર ન કરી નાંખે, પણ એમ વિચારે કે મારું ભલે અપમાન કર્યું પણ એનામાં જૈનધર્મ પ્રત્યેનો પ્રેમ–આદર છે; તે જૈનધર્મના ભક્ત છે, દેવ–ગુરુનો આદર કરનારા છે, મારા સાધર્મી છે; એમ તેના ગુણનું ગ્રહણ કરે. આમ ગુણનું ગ્રહણ કરવાથી તે સાધર્મી પ્રત્યે દ્વેષભાવ ન આવે, પણ પ્રેમ અને વાત્સલ્ય આવે છે.

૯. ગરિષ્ટ (સહનશીલ):– સંસારમાં શુભાશુભ કર્મયોગે અનુકૂળતા પ્રતિકૂળતા તો આવે; કંઈક પ્રતિકૂળતા આવી જાય કે અપમાનાદિ થાય, રોગ થાય, ત્યાં ધૈર્યપૂર્વક સહન કરે ને ધર્મમાં દ્રઢતા રાખે; પ્રતિકૂળતામાં ગભરાઈ ન જાય, આર્તધ્યાનથી ખેદખિન્ન ન થાય; પણ સહનશીલતાપણે વૈરાગ્ય વધારે.

૧૦. સૌને પ્રિયઃ– બધા પ્રત્યે મધુર વ્યવહાર રાખે, કટુવ્યવહાર ન રાખે; સાધર્મીના પ્રેમને લીધે, સજ્જનતાને લીધે, ન્યાય–નીતિ અને ધાર્મિકવૃત્તિને લીધે સજ્જનોને તો વહાલો લાગે. ને કોઈ વિરોધી હોય તો તેના પ્રત્યે પણ પ્રેમપૂર્ણ વ્યવહારથી તેનું દિલ જીતી લ્યે. પણ ક્યાંય પણ કલેશ વધે એવો વ્યવહાર ન કરે.

૧૧. શિષ્ટપક્ષીઃ– સત્ય અને સદાચારનો પક્ષ કરનાર હોય. લૌકિક પ્રયોજન ખાતર, માનથી કે ભયથી પણ સત્ય ધર્મને કે ન્યાય–નીતિને છોડે નહિ. જ્યાં ધર્મ હોય, સત્ય હોય, ન્યાય હોય, તેનો પક્ષ કરે.

૧૨. મિષ્ટભાષીઃ– જેમાં સ્વ–પરનું હિત હોય એવી મધુર વાણી બોલે. જેનાથી પોતાને કષાય થાય ને સામાનું દિલ દુભાય એવી કડવી કઠોર ભાષા ન બોલે. શાંતિથી–મધુરતાથી કોમળતાથી સત્ય અને હિતની વાત કરે. સત્ય વાત પણ કઠોરતાથી ન કહે. ‘દો દિનકે મહેમાન બોલી બિગાડે કૌનસો ? ’

૧૩. દીર્ઘ વિચારીઃ–દેશ–કાળનો વિચાર કરીને, પોતાના પરિણામનો તથા શક્તિનો વિચાર કરીને, અને સ્વ–પરના હિતનો વિચાર કરીને યોગ્ય પ્રવૃત્તિ કરે. જગતની દેખા–દેખીથી વગર વિચાર્યે જ્યાં–ત્યાં ન ઝંપલાવે. જેનાથી વર્તમાનમાં ને ભવિષ્યમાં પોતાને શાંતિ રહે, તેમજ ધર્મની શોભા વધે એવી પ્રવૃત્તિ વિચારપૂર્વક કરે.

૧૪. વિશેષજ્ઞઃ– સંઘની સ્થિતિ, દેશ–કાળની સ્થિતિ વગેરેનો જાણકાર હોય. ધર્મમાં કે ગૃહવ્યવહારમાં ક્યારે કેવી પરિસ્થિતિ થશે, કેવી જરૂર પડશે–તેનો જાણકાર હોય, ને તેનો યોગ્ય ઉપાય કરે.

૧૫. રસજ્ઞઃ– રસ એટલે તાત્પર્ય; શાસ્ત્રાભ્યાસ વગેરેમાં તેના શાંતરસરૂપ સાચા રહસ્યને જાણતો હોય; તેણે ધર્મનો મર્મ જાણીને શાંતરસને તો ચાખ્યો છે, તેથી તે પરમાર્થનો રસજ્ઞ છે; તેમજ વ્યવહારમાં પણ કરુણારસ, રૌદ્રરસ વગેરેને યથાયોગ્ય જાણે છે.

૧૬. કૃતજ્ઞઃ– અહો, દેવ–ગુરુ–ધર્મના પરમ ઉપકારની તો શી વાત! એનો તો બદલો વળે તેમ નથી; તેમના માટે જે કરું તે ઓછું છે–એમ મહાન ઉપકારબુદ્ધિથી દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે વર્તે. તેમજ સાધર્મીજનોના ઉપકારને કે અન્ય સજ્જનોના ઉપકારને પણ ભૂલે નહિ; ઉપકારને યાદ કરીને તેમને યોગ્ય સેવા–સત્કાર કરે. પોતે કરેલા ઉપકારને યાદ ન કરે, તેમજ બદલાની આશા ન રાખે.

૧૭. તત્ત્વજ્ઞઃ– તત્ત્વનો જાણકાર હોય; જૈનધર્મના મુખ્ય તત્ત્વ શું છે? તેને બરાબર સમજીને તેના પ્રચારની ભાવના કરે. બુદ્ધિઅનુસાર કરણાનુયોગ વગેરે સૂક્ષ્મ તત્ત્વોનો પણ અભ્યાસ કરે. ધર્મીશ્રાવક આત્મતત્ત્વને તો જાણે છે, તે ઉપરાંત જૈનશાસ્ત્રોના અગાધ ગંભીર શ્રુતજ્ઞાનમાં કહેલાં તત્ત્વોને પણ વિશેષપણે જાણે છે. વિપરીત જીવોમાં કયાં તત્ત્વની વિપરીતતા છે તે પણ જાણીને તે દૂર કરવા પ્રયત્ન કરે છે.

૧૮. ધર્મજ્ઞઃ– ધર્મનો જાણનાર હોય; કયાં નિશ્ચયધર્મની પ્રધાનતા છે, કયાં વ્યવહારધર્મની પ્રધાનતાથી વર્તવું યોગ્ય છે! એમ ધર્મના બધા પડખા જાણીને, શાસનને શોભે તેવું વર્તન કરે. શ્રાવકનો ધર્મ શું? મુનિનો ધર્મ શું? ધર્મમાં, તીર્થોમાં શાસ્ત્રાદિમાં કે સાધર્મીમાં કયારે દાનાદિની જરૂર છે! તે સંબંધી શ્રાવકને જાણકારી હોય.

૧૯. દીનતા રહિત, તેમજ અભિમાન રહિત એવો મધ્યસ્થ–વ્યવહારીઃ – ધર્મનું ગૌરવ સચવાય, તેમજ પોતાને અભિમાનાદિ ન થાય–તે રીતે મધ્યસ્થ વ્યવહારથી વર્તે, વ્યવહારમાં જ્યાં ત્યાં દીન પણ ન થઈ જાય; રોગાદિ પ્રસંગ હોય, દરિદ્રતાદિ હોય તેથી ગભરાઈને એવો દીન ન થાય કે જેથી ધર્મની અવહેલના થાય! અરે, હું પંચપરમેષ્ઠીનો ભક્ત, મારે દુનિયામાં દીનતા કેવી? તેમજ દેવ–ગુરુ–ધર્મના પ્રસંગમાં સાધર્મીના પ્રસંગમાં અભિમાન રહિત નમ્રપણે પ્રેમથી વર્તે. સાધર્મીની સેવામાં કે નાના સાધર્મી સાથે હળવા–મળવામાં હીણપ ન માને. એ રીતે દીન નહિ તેમજ અભિમાની નહિ એવો મધ્યસ્થવ્યવહારી શ્રાવક હોય.

૨૦. સહજ વિનયવંતઃ– વિનયનો પ્રસંગ હોય ત્યાં તેને સહેજે વિનય આવે. દેવ–ગુરુનો પ્રસંગ, સાધર્મીનો પ્રસંગ, વડીલોનો પ્રસંગ, તેમાં યોગ્ય વિનયથી વર્તે. સમ્યક્ત્વાદિ ગુણીજનોને દેખતાં પ્રસન્નતાથી વિનય–બહુમાન–પ્રશંસા કરે; કોઈ પ્રત્યે ઈર્ષાભાવ ન આવે. શાસ્ત્ર પ્રત્યે, ધર્મસ્થાનો પ્રત્યે, તેમજ લોકવ્યવહારમાં પણ વિનય–વિવેકથી યોગ્ય રીતે વર્તે, કોઈ પ્રત્યે અપમાન કે તિરસ્કારથી ન વર્તે.

૨૧. પાપક્રિયાથી રહિતઃ– કુદેવ, કુધર્મના સેવનરૂપ મિથ્યાત્વાદિ પાપને તેમજ માંસાદિ અભક્ષ્ય ભક્ષણના તીવ્ર હિંસાદિ પાપોને તો સર્વથા છોડયા જ છે, તે ઉપરાંત આરંભ–પરિગ્રહ સંબંધી જે પાપક્રિયાઓ, તેનાથી પણ જેટલો બને તેટલો છૂટવાનો ને નિર્દોષ શુદ્ધ જીવનનો અભિલાષી છે. અને, આવો જૈનધર્મ ને આવું અદ્ભુત આત્મ–

સ્વરૂપ,–તેને પામીને હવે કોઈ પાપ મને શોભતું નથી, –એમ અવ્રતજન્ય પાપોથી અત્યંત ભયભીત વર્તે છે. મારા જીવનમાં કોઈ નાનું પાપ પણ ન હો, ને ઉજ્જવળ વીતરાગી જીવન હો–એવી ભાવના હોય છે.

–આ પ્રમાણે શ્રાવક આ પુનિત ૨૧ ગુણના ધારક હોય છે. મુમુક્ષુએ પણ આ દરેક ગુણનું સ્વરૂપ વિચારીને, પોતામાં પણ તે ગુણને ધારણ કરવા, એના વડે જીવન પવિત્રતાથી શોભી ઊઠશે.

## એક કરો.....એક નહિ

માન ઘટાડો.................... જ્ઞાન નહીં.

દાન વધારો......................... માન નહીં.

જ્ઞાન લો.................... કોઈનો જીવ નહીં.

ભાવના ધર્મની કરો.............. ધનની નહીં.

જિનમાર્ગમાં ચાલો.................... કુમાર્ગમાં નહીં.

વીતરાગતાને ધર્મ સમજો...... રાગને નહીં.

પુન્યને સંસારનું કારણ સમજો મોક્ષનું નહીં.

જીવન યોગ માટે છે..... ભોગ માટે નહીં.

જિનબિંબને જુઓ.......... સિનેમા નહીં.

ગળેલું પાણી પીઓ.............. બીડ નહીં.

મોહને હણો.................... જીવને નહીં.

ધનને છોડો.................... ધર્મને નહીં.

દોષને ભૂલો.................... ગુણને નહીં.

ગુણીયલનું અનુસરણ કરો.............. ઈર્ષા નહીં.

મોક્ષ કરો.................... બંધન નહીં.

મોહથી ડરો.................... મોતથી નહીં.

# ભાઈ - બહેનની ચર્ચા

એક જૈન સદ્‌ગૃહસ્થના ઘરમાં સૌ ઉત્તમ સંસ્કારી હતા; તેમાં આનંદકુમાર–ભાઈ અને ધર્મવતી–બેન, તેઓ બહારની વિકથા કે સિનેમા વગેરેમાં રસ લેવાને બદલે, દરરોજ રાત્રે તત્ત્વચર્ચા કરતા, તેમજ મહાપુરુષોની ધર્મકથા કરીને આનંદ મેળવતા. તે ભાઈ–બહેન કેવી ચર્ચા કરતા હતા તેનો નમુનો અહીં આપ્યો છે. તમે પણ તમારા ભાઈ–બેન સાથે ધર્મચર્ચા કરતા જ હશો. ન કરતા હો તો હવે જરૂર કરજો. આજે જ મૂરત કરજો, ને શું ચર્ચા કરી તે અમને લખજો.
–‘જય મહાવીર’

ધર્મવતીબેન કહેઃ ભાઈ, અનંતકાળે આપણને આ મનુષ્ય–અવતાર મળ્યો; તો હવે આ જીવનમાં શું કરવા જેવું છે?

આનંદકુમારભાઈ કહેઃ બહેન, મનુષ્યજીવનમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના કરવા જેવી છે.

બેનઃ હે ભાઈ! સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ રત્નત્રયની આરાધના કેવી રીતે થાય?

ભાઈઃ બેન! એ રત્નત્રયના મુખ્ય આરાધક તો મુનિવરો છે; તેઓ ચૈતન્યસ્વરૂપમાં લીનતા વડે રત્નત્રયને આરાધે છે.

બેનઃ ભાઈ! રત્નત્રયના ‘મુખ્ય’ આરાધક મુનિવરો છે તો શું ગૃહસ્થોને પણ રત્નત્રયની આરાધના હોઈ શકે?

ભાઈઃ હા, બેન! એક અંશરૂપે રત્નત્રયની આરાધના ગૃહસ્થોને પણ હોઈ શકે છે.

બેનઃ આપણા જેવા નાના બાળક પણ શું રત્નત્રયની આરાધના કરી શકે?

ભાઈઃ હા, જરૂર કરી શકે; પણ તે રત્નત્રયનું મૂળ બીજ સમ્યગ્દર્શન છે; તેથી પહેલાં તેની આરાધના કરવી જોઇએ.

બેનઃ અહા! સમ્યગ્દર્શનનો તો અપાર મહિમા સાંભળ્યો છે. ભાઈ, તે સમ્યગ્દર્શનની આરાધના કેવી રીતે થાય?

ભાઈઃ આત્માની ખરેખરી લગનીપૂર્વક, જ્ઞાન–સંતો પાસેથી તેની સમજણ કરવી જોઈએ, અને પછી અંતર્મુખ થઈને તેનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

બેનઃ આવું સમ્યગ્દર્શન થતાં આત્માનો કેવો અનુભવ થાય?

ભાઈઃ અહા, એનું શું વર્ણન કરવું! સિદ્ધ ભગવાન જેવો વચનાતીત આનંદ ત્યાં અનુભવાય છે.

બેનઃ હેં ભાઈ! મોક્ષશાસ્ત્રમાં કહ્યું છે કે 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' તે વ્યવહારશ્રદ્ધા છે કે નિશ્ચય?

ભાઈઃ તે નિશ્ચયશ્રદ્ધા છે; કેમકે ત્યાં મોક્ષમાર્ગ બતાવવો છે; અને ખરો મોક્ષમાર્ગ તો નિશ્ચયરત્નત્રય જ છે.

બેનઃ તત્ત્વો કેટલાં છે?

ભાઈઃ તત્ત્વો નવ છે; અને તે નવ તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

બેનઃ તે નવ તત્ત્વોનાં નામ કહો જોઈએ!

ભાઈઃ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ–એ નવ તત્ત્વો છે.

બેનઃ આ નવ તત્ત્વોમાં ઉપાદેય તત્ત્વો કયા–કયા છે?

ભાઈઃ નવ તત્ત્વોમાંથી શુદ્ધ જીવતત્ત્વ ઉપાદેય છે, તથા સંવર–નિર્જરા એક અંશે ઉપાદેય છે ને મોક્ષતત્ત્વ સર્વથા ઉપાદેય છે.

બેનઃ બાકી કયા કયા તત્ત્વો રહ્યા?

ભાઈઃ બાકી અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ ને બંધ, એ પાંચ તત્ત્વો રહ્યા; તે પાંચ તત્ત્વો હેય છે.

બેનઃ વાહ! આજે સમ્યગ્દર્શનની અને હેય–ઉપાદેયતત્ત્વની ઘણી સરસ ચર્ચા થઈ; આના ઉપર ઊંડો વિચાર કરીને આપણે સમ્યગ્દર્શનનો પ્રયત્ન કરવા જેવું છે.

ભાઈઃ હા, બેન! સૌએ એ જ કરવા જેવું છે; જીવનમાં તું એ જ પ્રયત્ન કરજે; એનાથી જ જીવનની સફળતા છે.

# ભગવાન મહાવીરનો અદ્ભુત અનેકાન્તમાર્ગ

## –જેમાં વસ્તુની એક જ સત્તામાં દ્રવ્ય–ગુણ–પર્યાયો સમાઈ જાય છે

( શ્રી પ્રવચનસાર ગાથા ૧૦૮ થી ૧૧૧ )

* પોતાની પર્યાયને વસ્તુ પોતે કરે છે, કોઈ બીજું તેને કરતું નથી; વસ્તુ પોતે પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ એક સત્ છે. આવા સત્નું અનેકાન્તસ્વરૂપ જિનપ્રવચનમાં જેવું પ્રકાશ્યું છે તેવું જગતમાં બીજે ક્યાંય નથી.
* ઘંટીના બે પડ જેમ પ્રદેશે પણ જુદા છે તેમ કાંઈ દ્રવ્ય અને પર્યાય જુદા નથી.
* વસ્તુના દ્રવ્ય–ગુણમાં ઘંટીનું દ્રષ્ટાન્ત લાગુ પાડવું હોય તો આ પ્રમાણે લાગુ પડે કે–જેમ ઘંટી–વસ્તુ તે એકલા વજનરૂપ નથી, તેમાં બીજા અનેક ધર્મો ( સ્પર્શ–રંગ વગેરે ) પણ છે; એ રીતે ઘંટી તે એકલી વજનરૂપે નથી, તેમજ એકલો વજનગુણ તે જ આખી ઘંટી નથી;–આ પ્રકારે તે ઘંટીને અને વજનગુણને લક્ષણભેદ છે, પણ સત્તાભેદ નથી. સત્તાએ તો ઘંટીને અને વજનને એકત્વ છે, જુદાઈ નથી.

  તેમ એક આત્મવસ્તુમાં દ્રવ્યપણું–ગુણપણું–પર્યાયપણું એકસાથે છે; તેમાં આખી આત્મવસ્તુ કોઈ એક જ ( જ્ઞાન વગેરે ) ગુણરૂપ નથી, તેમાં બીજા ( આનંદ વગેરે ) અનંત ધર્મો પણ છે; એ રીતે આખી વસ્તુ એક જ ગુણરૂપ નથી; તેમ જ એક જ ( જ્ઞાનાદિ ) ગુણ તે આખી વસ્તુ નથી;–આ પ્રકારે વસ્તુને અને તેના ગુણને લક્ષણભેદ ભલે હો, પણ સત્તાભેદ નથી; એક જ સત્તામાં બધું સમાઈ જાય છે, એટલે સત્તા અપેક્ષાએ તો આત્મવસ્તુને અને તેના ગુણ–પર્યાયોને એકત્વ છે, જુદાઈ નથી. આત્મા પરથી જુદો પડી શકે, (–જુદો જ છે) પણ પોતાના સત્ ગુણ–પર્યાયોથી આત્મા જુદો પડી શકે નહિ. અભેદ અનુભૂતિમાં પર્યાય ગૌણ છે પણ અભાવરૂપ નથી.
* જુઓ, આ ભગવાનનો અનેકાન્તમાર્ગ ! પરથી તો આત્માને સર્વથા ભિન્નતા; ને પોતામાં દ્રવ્ય–ગુણ–પર્યાયને કથંચિત્ ભિન્નતા ને કથંચિત્ એકતા.–અહો, આવું અદ્ભુત વસ્તુસ્વરૂપ સર્વજ્ઞદેવે પ્રકાશ્યું છે, સમ્યગ્દ્રષ્ટિ જ તેને જાણે છે.
* ક્રમવર્તીભાવો ને અક્રમવર્તીભાવો–એવા બંને સ્વભાવોને એકસાથે ધારણ કરીને વર્તે

એવો આત્માનો સ્વભાવ છે. તેમાં જે ઉત્પાદ–વ્યયરૂપ ભાવ છે તે પોતે ધ્રુવ નથી, અને જે ધ્રુવભાવ છે તે પોતે ઉત્પાદ–વ્યયરૂપ ભાવ નથી; પણ વસ્તુઅપેક્ષાએ તો ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે સ્વરૂપ એક જ અસ્તિત્વ છે, એક જ આત્મા એક સાથે એવા ઉત્પાદ–વ્યય–ધ્રુવભાવે વર્તે છે.

* એક વસ્તુના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં બીજા બધાયનો સદાકાળ સર્વથા અભાવ છે; પણ તેવો અભાવ ઉત્પાદ–વ્યય–ધ્રુવ વચ્ચે (કે દ્રવ્ય–ગુણ–પર્યાય વચ્ચે) નથી. દ્રવ્યથી જુદા કોઈ ગુણ–પર્યાયો નથી; બધું એક 'સત્' છે.

* જેમ, ચેતનઆત્મા ને જડકર્મ;

 તેમાં આત્માનો અભાવ તે કર્મ છે, કર્મનો અભાવ તે આત્મા છે;

 ચેતનનો અભાવ તે જડ છે, જડનો અભાવ તે ચેતન છે.

* તેમ, દ્રવ્યનો અભાવ તે પર્યાય, ને પર્યાયનો અભાવ તે દ્રવ્ય–એમ નથી; એક જ વસ્તુમાં દ્રવ્ય ને પર્યાય બંનેનો સદ્ભાવ રાખીને વાત છે. એક જ વસ્તુમાં રહેલાં જે દ્રવ્ય ને પર્યાય તેમાં, દ્રવ્યપણું તે પર્યાય નથી ને પર્યાયપણું તે દ્રવ્ય નથી. અંદરમાં એકબીજાપણે તત્પણાનો અભાવ (અતત્–ભાવ) એટલો ભેદ હોવા છતાં વસ્તુપણે તેમને એકતા છે; વસ્તુમાં બંનેનો સદ્ભાવ છે.

* ચેતનનો અભાવ તે જડ, ને જડનો અભાવ તે ચેતન,

 –એમ તેમને તો ભિન્નભિન્ન બે વસ્તુપણું છે.

* પણ તેવી રીતે કાંઈ–દ્રવ્યનો અભાવ તે ગુણ, ને ગુણનો અભાવ તે દ્રવ્ય, –એમ તેમને ભિન્નભિન્ન બે વસ્તુપણું નથી.

* પણ એક જ વસ્તુની સત્તામાં રહીને તેમને અન્યોન્યઅભાવ છે. –જેમકે જ્ઞાનગુણ તે સુખગુણ નથી; સુખગુણ તે જ્ઞાનગુણ નથી; પરંતુ આત્મવસ્તુ તો જ્ઞાનગુણ તેમજ સુખગુણ એમ બધા ગુણસ્વરૂપે સત્ છે.

* વસ્તુમાંથી કોઈ ગુણ–પર્યાયને જુદા પાડી શકાય નહિ. તેથી અભેદવસ્તુની દ્રષ્ટિથી તો જે જ્ઞાન છે તે જ સુખ છે; દ્રવ્ય તે ગુણપર્યાય છે, ગુણ–પર્યાયો તે દ્રવ્ય છે, તેમને ભિન્ન સત્તા નથી.

* ગુણ–પર્યાય વગર વસ્તુ રહી શકતી નથી. વસ્તુ વગર–ગુણ–પર્યાયો રહી શકતા નથી.

–આમ બધુંય પોતામાં સમાવીને, ધર્મી જીવ પોતાની સત્તાને પોતામાં જ પરિપૂર્ણ અનુભવે છે.

* અહો, આવી પરમ ગંભીર આત્મવસ્તુનું જ્ઞાન વીતરાગમાર્ગના સંતોએ પ્રસિદ્ધ કર્યું છે. આવી વસ્તુનું જ્ઞાન થતાં અપૂર્વ આનંદ સહિત સમ્યગ્દર્શન પણ જરૂર થાય છે. વસ્તુસ્વરૂપના આવા અપૂર્વ જ્ઞાનથી જુદું કાંઈ સમ્યગ્દર્શન નથી.

* જેમ શરીરને અને આત્માને બે વસ્તુપણું છે, તેમ આત્માને અને જ્ઞાનને કાંઈ બે વસ્તુપણું નથી, તેની તો એક જ સત્તા છે.

* શરીર અને આત્માને બે વસ્તુપણું હોવાથી એકના અભાવે બીજાનો અભાવ થતો નથી; (જેમકે સિદ્ધભગવાન, ત્યાં શરીર ન હોવા છતાં આત્માની સત્તા છે.)

* જ્ઞાનને અને આત્માને બે વસ્તુપણું નથી પણ એક જ વસ્તુપણું છે, તેથી એકના અભાવે બીજાનો પણ અભાવ હોય છે; આત્મા ન હોય ત્યાં જ્ઞાન ન હોય, જ્ઞાન ન હોય ત્યાં આત્મા ન હોય. જ્ઞાન હોય ત્યાં આત્મા હોય, આત્મા હોય ત્યાં જ્ઞાન હોય જ. –આ રીતે તેમને અવિનાભાવ–એકવસ્તુપણું છે; સ્વભાવથી જ દરેક વસ્તુ પોતાના ગુણ–પર્યાયસ્વરૂપ છે, તેનાથી તેને જુદી પાડી શકાતી નથી.

* દ્રવ્યનો સ્વભાવ એટલે કે વસ્તુનું અસ્તિત્વ, દ્રવ્ય–ગુણ–પર્યાયમાં રહેલ છે. જ્યાં વસ્તુ પોતે જ પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ અસ્તિત્વવાળી છે, ત્યાં બીજાને કારણે તેમાં કાંઇ થાય–એ વાત ક્યાં રહે છે?

* ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યાત્મક સત્ પરિણામ એ તો દ્રવ્યનો સ્વભાવ જ છે, એને દ્રવ્યથી જુદા પાડી શકાય નહિ, તેમજ તેમાં બીજાનો પ્રવેશ થઈ શકે નહિ. પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયરૂપ અસ્તિત્વ પોતામાં, ને પરના દ્રવ્ય–ગુણ–પર્યાયનું અસ્તિત્વ પરમાં; –એમ સ્વરૂપની સ્વાધીન સત્તાનો નિર્ણય ‘હે વીરનાથ ભગવાન!’ આપના શાસનમાં જ થાય છે. યથાર્થ વસ્તુસ્વરૂપ બતાવીને આપે મોક્ષમાર્ગ ખોલ્યો છે. તે આપનો મોટો ઉપકાર યાદ કરીને આપના નિર્વાણના અઢીહજારવર્ષનો ઉત્સવ ઊજવીએ છીએ.

* જ્ઞાન, સુખ કે આનંદ, તે આત્માના અસ્તિત્વમાં છે, આત્માના અસ્તિત્વથી બહાર નથી. પર્યાયમાં આનંદ, ગુણમાં આનંદ, દ્રવ્યમાં આનંદ–એમ ધર્મીને પોતાના

દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં આનંદ દેખાય છે. આનંદસ્વભાવની જેમ બધા સ્વભાવો દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં છે. –આમ દ્રવ્ય–ગુણ–પર્યાયની પોતામાં એકતા જાણનાર ધર્મીજીવ, પરના અસ્તિત્વથી અત્યંત ભિન્ન એવા પોતાના અસ્તિત્વને, પોતામાં જ સમાપ્ત થતું અનુભવે છે; –આવી અનુભૂતિ ભગવાન સર્વજ્ઞદેવના અનેકાન્તમાર્ગ સિવાય બીજે ક્યાંય મળે તેમ નથી.

* ભાઈ, તારા દ્રવ્ય–ગુણ–પર્યાયના અસ્તિત્વથી બહાર ક્યાંય તારો આનંદ શોધવા જઈશ તો તે કદી નહિ મળે તારો આનંદ, તારું સુખ, તારો ધર્મ, તારું જ્ઞાન–એ બધું તારા અસ્તિત્વમાં સમાય છે. દ્રવ્ય પોતાના ગુણ–પર્યાયથી જુદું વર્તતું નથી, ને ગુણ–પર્યાયો દ્રવ્યથી જુદા વર્તતા નથી; –એ બધા સ્વયમેવ એક સત્તારૂપ છે. એક જ સત્તા ઘણાંરૂપને (દ્રવ્ય–ગુણ–પર્યાય, ઉત્પાદ–વ્યય–ધ્રુવતા વગેરેને) એક સાથે પોતાના અસ્તિત્વમાં ધારણ કરે છે.–જ્યારે જુઓ ત્યારે વસ્તુનું અસ્તિત્વ પોતામાં જ પરિપૂર્ણ છે, –એ જૈનશાસનની અલૌકિક વાત છે. આવું જિનપ્રવચન જે સમજે તે પોતાના સ્વરૂપ–અસ્તિત્વમાં જ સંતુષ્ટ રહેતો થકો, ને અન્યમાં નહિ વર્તતો થકો, સ્વભાવથી જ જ્ઞાન–આનંદરૂપે પરિણમે છે. અહો, જ્ઞાન–આનંદનો આવો માર્ગ બતાવીને વીતરાગીસંતોએ મહાન ઉપકાર કર્યો છે.

* હે ભાઈ, તારો સ્વભાવ કેવો છે? ને તારા અસ્તિત્વમાં શું–શું ભર્યું છે–તે તો જો! તારા ઉત્પાદ–વ્યય–ધ્રુવપરિણામ તારામાં જ છે, તારા બધા દ્રવ્ય–ગુણ–પર્યાય તારામાં જ છે; તારા જ્ઞાન–આનંદ વગેરે અનંત સ્વભાવો તારામાં જ ભર્યા છે. તારા પૂરા અસ્તિત્વને તારામાં દેખતાં તને મહા આનંદ થશે, ને તારે બહારમાં કયાંય જોવાનું નહિ રહે. તારામાંથી ને તારામાંથી તને તારા શ્રદ્ધા–જ્ઞાન–આનંદ આવશે. –મહાવીર ભગવાનના જિનશાસનની આ વિશિષ્ટતા છે કે પોતાની પૂર્ણતા પોતામાં જ બતાવે છે...ને એ રીતે અંતર્મુખ અભેદ પરિણામવડે જીવને સ્વસમયમાં સ્થિત કરે છે. 'જય મહાવીર'

**હે ભવ્ય! તારા આત્માને તું આવા મોક્ષમાર્ગમાં જોડ! ને બીજા ભાવોનું મમત્વ છોડ! સ્વદ્રવ્યને આશ્રિત સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ તેમાંજ તારા આત્માને જોડ–એમ સૂત્રની અનુમતિ છે.**

## ( ગતાંકમાં પૂછેલા પાંચ પ્રશ્નોનો ખુલાસો )

( ૧ ) માગશર સુદ અગિયારસે જેઓ મુનિ થયા, ને પછી માગશર વદ બીજે જેઓ કેવળજ્ઞાન પામ્યા, તે તીર્થંકર કોણ ?

( ઉત્તર ) મલ્લિનાથ ભગવાન. ( મુનિ થયા પછી છ દિવસમાં જ કેવળજ્ઞાન પામ્યા. )

( ૨ ) એક વખત એવું બન્યું કે, એક ભગવાન પાસે સુંદર વસ્તુ ત્રણ હતી તે વધીને ચાર થઈ; બે વસ્તુ વધીને ત્રણ પૂરી થઈ; ને અસુંદર વસ્તુ બે હતી તે ઘટીને એક જ રહી. આ બન્યું તે દિવસે માગશર સુદ ૧૧ હતી. તો તે કયા ભગવાન ? અને શું બન્યું ?

( ઉત્તર ) તે ભગવાન મલ્લિનાથ; અને બન્યું એવું કે માગશર સુદ અગિયારસે જાતિ સ્મરણ થતાં ભગવાનને વૈરાગ્ય થયો ને દીક્ષા લીધી; દીક્ષા પછી ધ્યાનમાં શુદ્ધોપયોગવડે સાતમું ગુણસ્થાન અને મનઃપર્યયજ્ઞાન પ્રગટયું; તે ભગવાન પાસે પહેલાં સમ્યક્ મતિ–શ્રુત–અવધિ એ ત્રણ સુંદર જ્ઞાન હતા, તેમાં મનઃપર્યય વધતાં ચાર જ્ઞાન થયા; સમ્યગ્દર્શન ને જ્ઞાન તો હતાં તેમાં સમ્યક્ચારિત્રદશા વધતાં બેને બદલે ત્રણ રત્નો પૂરા થયા; અસુંદર–વસ્તુ એટલે કષાય ભાવો, તે બે ( પ્રત્યાખ્યાન તથા સંજ્વલન ) હતા, તેમાંથી પ્રત્યાખ્યાનાવરણ કષાય છૂટી જતાં માત્ર સંજ્વલન કષાય રહ્યો.

( ૩ ) એકવાર એક જીવને એવું બન્યું કે, તે એક ગતિમાંથી બીજી ગતિમાં ગયો, તેની આખી ગતિ પલટી ગઈ, ગતિ પલટવા છતાં તેનું જ્ઞાન એટલું ને એટલું જ રહ્યું; ન વધ્યું; કે ન ઘટયું; જ્ઞાન એટલું ને એટલું રહેવા છતાં તેના ક્ષાયિકભાવો વધી ગયા. આ વાત બની આસો વદ અમાસે તો તે જીવ કોણ ? અને શું બન્યું ?

( ઉત્તરઃ ) આસો વદ અમાસે મહાવીર ભગવાન મોક્ષગતિને પામ્યા. ત્યારની આ વાત છે. ભગવાન મનુષ્યગતિમાંથી સિદ્ધગતિમાં ગયા, એટલે તેમની ગતિ તો પલટી ગઈ; ગતિ પલટવા છતાં તેમનું કેવળજ્ઞાન તો એમ ને એમ રહ્યું, તે ન વધ્યું કે ન ઘટયું ( કેમકે ક્ષાયિકભાવ સદા હાનિ–વૃદ્ધિથી રહિત હોય છે ). જ્ઞાન એટલું ને એટલું રહ્યું હોવા છતાં, અઘાતિકર્મોના ક્ષયને લીધે તેમને બીજા ગુણોમાં ક્ષાયિકભાવ પ્રગટયો એટલે તેમને ક્ષાયિકભાવો વધી ગયા. પહેલાં ચાર અઘાતિકર્મના ઉદયને લીધે ઉદયભાવો હતા, હવે તે કર્મોનો ક્ષય થતાં ભગવાનને સર્વે ગુણો ક્ષાયિકભાવરૂપ થઈ ગયા.

(૪) કુંભ–પ્રભાના પુત્ર જે, ને ત્રણ જગતના પિતા;
સોમે વર્ષે દીક્ષા લીધી, વિવાહ ન જેણે કીધા.
છ જ દિવસમાં કેવળ લઈને લોકાલોકને દીઠા,
મિથિલાપુરમાં દીઠા એનાં વચન મીઠા–મીઠા. –એ કોણ?

–એ છે તીર્થંકર મલ્લિનાથ; તેઓ મિથિલાપુરમાં જન્મ્યા; પિતા કુંભરાજા; માતા પ્રભાવતી દેવી; ૫૫૦૦૦ વર્ષનું આયુ; તેમાં ૧૦૦ વર્ષે વિવાહની તૈયારી વખતે જાતિસ્મરણ થતાં વૈરાગ્ય પામી બાલબ્રહ્મચારીપણે દીક્ષા લીધી ને પછી છ દિવસમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને લોકાલોકને દીઠા....અને દિવ્યધ્વનિવડે ઉપદેશ દીધો. અહો, એમનાં વચનની મધુરતાની શી વાત! –એ તો લાગે મીઠા મીઠા!

(૫) એક તીર્થંકરભગવાન ચૌદમાગુણસ્થાને બિરાજમાન હતા, તેમને મારે જોવા હતા; તે માટે હું ગીરનાર ગયો પણ ત્યાં તે ભગવાન ન હતા; સમ્મેદશિખર ગયો ત્યાં પણ ન હતા; ચંપાપુરી, પાવાપુરીમાં પણ ન હતા; શેત્રુંજય ઉપર પણ ન હતા. તો તે ભગવાન કયાં હશે?

(ઉત્તરઃ) એ ભગવાન ઋષભદેવ કૈલાસગિરિ ઉપર પોષ વદ ચૌદસે ૧૪ મા ગુણસ્થાને બિરાજમાન હતા. ભગવાન ઋષભદેવ પોષ વદ ચૌદસે કૈલાસગિરિથી મોક્ષ પધાર્યા ત્યાર પહેલાં તેમને ૧૪મું અયોગીગુણસ્થાન પણ ત્યાં જ થયું હતું. બીજા અનેક ક્ષેત્રે તીર્થંકર ભગવંતો વિચર્યા હોય ભલે, પણ તેમને ૧૪મું ગુણસ્થાન તો, જે ક્ષેત્રથી તેઓ મોક્ષગમન કરવાના હોય તે જ ક્ષેત્રમાં આવે.

❀ ❀ ❀ ❀ ❀

“પ્રભો! ‘આત્મા’ કહીને આપ શું બતાવવા માંગો છો!!” એમ શિષ્યને અંતરમાંથી જિજ્ઞાસા જાગી, અને જિજ્ઞાસુ થઈને ટગ–ટગપણે આત્મા સમજવા તરફ ઉપયોગને એકાગ્ર કર્યો; આવા તૈયાર શિષ્યને જ્યાં આચાર્યદેવે કહ્યું કે “દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ આત્મા છે” –ત્યાં તુરત જ અંતરમાં ઊતરીને આનંદસહિત જ્ઞાન–તરંગવડે તે શિષ્ય આત્માને સમજી ગયો; –તેને આનંદમય જ્ઞાનતરંગ સહિત આત્માની અનુભૂતિ પ્રગટ થઈ...જુઓ, આવી અનુભૂતિ થાય ત્યારે આત્મા સમજ્યો કહેવાય.

# અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો

* લેખાંક પહેલો *

દુનિયામાં કયાંય પણ શાંતિ–ખરેખરી શાંતિ–હોય તો તે આત્મામાં જ છે, ને આત્માના સ્વસંવેદનથી જ તેનું વેદન થાય છે. જિનમાર્ગી સન્તો આવી અપૂર્વ શાંતિને પામ્યા છે, ને એવી શાંતિના પિપાસુ ભવ્ય જીવોને કહે છે કે તમે પણ અપૂર્વ શાંતિ પામવા માટે આત્માને ઓળખો. આત્માને ઓળખવા માટે જિનમાર્ગમાં અનેક શાસ્ત્રોદ્વારા તેનું સ્વરૂપ બતાવ્યું છે. એવું જ એક શાસ્ત્ર ‘સમાધિશતક’ છે, તેમાં આત્માને જાણીને તેની અપૂર્વ શાંતિ પામવાનો ઉપદેશ સુગમશૈલિથી દીધો છે. તેનો સાર આપણે આ લેખમાળામાં આપીશું. હે સાધર્મીઓ! અપૂર્વ શાંતિ પામવા આત્માને ઓળખો. –બ્ર. હ. જૈન

આ સમાધિતંત્ર શરૂ થાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે સમાધિ છે. સમાધિ કહો કે આત્માની શાંતિ કહો, તેની પ્રાપ્તિ કેમ થાય? તેવી ‘આત્મભાવના’ નું વર્ણન શ્રી પૂજ્યપાદસ્વામીએ આ સમાધિશતકમાં કર્યું છે.

શ્રી પૂજ્યપાદસ્વામી પરમ દિગંબર સંત હતા; તેમનું બીજું નામ દેવનંદી હતું. લગભગ ૧૪૦૦ વર્ષ પહેલાં તેઓ આ ભરતભૂમિમાં વિચરતા હતા; અને જેમ શ્રી કુંદકુંદાચાર્યદેવ સીમંધર ભગવાન પાસે વિદેહક્ષેત્રે ગયા હતા તેમ આ પૂજ્યપાદસ્વામી પણ વિદેહીનાથના દર્શનથી પાવન થયા હતા.–એવો ઉલ્લેખ શ્રવણબેલગોલના પ્રાચિન શિલાલેખોમાં છે. તેમણે સર્વાર્થસિદ્ધિ (તત્ત્વાર્થ સૂત્રની ટીકા), તેમજ જૈનેન્દ્રવ્યાકરણ, ઇષ્ટોપદેશ

વગેરે મહાનગ્રંથો રચ્યા છે. તેમની અગાધબુદ્ધિને લીધે યોગીઓએ તેમને ‘જિનેન્દ્રબુદ્ધિ’ કહ્યા છે. તેઓ પરમ બ્રહ્મચારી તેમ જ વિશિષ્ટ ઋદ્ધિઓના ધારક હતા. આવા મહાન આચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામીએ રચેલા સમાધિતંત્ર (અથવા સમાધિશતક) ઉપર પ્રવચનો શરૂ થાય છે. (અગાઉ વીર સં. ૨૪૮૨ માં આ શાસ્ત્ર પર પ્રવચનો થયેલા, તે ‘આત્મભાવના’ નામના પુસ્તકરૂપે છપાયેલા છે; ફરી ૧૮ વર્ષે પ્રવચનમાં વંચાય છે.)

## પ્રથમ મંગલાચરણમાં સિદ્ધ–આત્માને નમસ્કાર કર્યા છે.

જેમના દ્વારા આત્મા આત્મારૂપે જણાય છે અને પર પરરૂપે જણાય છે, તથા જેઓ અક્ષય અનંત બોધસ્વરૂપ છે એવા સિદ્ધઆત્માને અમારા નમસ્કાર હો.

હે સિદ્ધ પરમાત્મા! આપે આત્માને આત્મારૂપે જાણ્યો છે ને પરને પરરૂપે જાણ્યા છે, અને એ રીતે જાણીને આપ અક્ષય અનંતબોધસ્વરૂપ થયા છો, તેથી એવા પદની પ્રાપ્તિ અર્થે હું આપને નમસ્કાર કરું છું.

જુઓ, આ મંગલાચરણ!! મંગલાચરણમાં સિદ્ધ ભગવાનને યાદ કર્યા છે. સિદ્ધ ભગવાનને જાણતાં આ આત્મા પોતાના વાસ્તવિક સ્વરૂપે જણાય છે, ને સિદ્ધભગવાનથી જુદું એવું બધુંય પરરૂપે જણાય છે.

સિદ્ધભગવાન જેવા પોતાના આત્માને પરથી ભિન્ન જાણ્યો તેમાં બધાં શાસ્ત્રોનું ભણતર આવી ગયું. ‘આ આત્માનો સ્વભાવ સિદ્ધભગવાન જેવો છે, જેવો સિદ્ધભગવાનનો આત્મા છે તેવો મારો આત્મા છે, ને તે સિવાય જે રાગાદિ છે તે મારા આત્માનો સ્વભાવ નથી’ આવી ઓળખાણ કરવી તે બધાં શાસ્ત્રોનો સાર છે.

હે સિદ્ધ પરમાત્મા! આપ કેવળજ્ઞાનની મૂર્તિ છો, પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છો, ને રાગરહિત છો; એવો જ મારા આત્માનો સ્વભાવ છે–આ પ્રમાણે સિદ્ધભગવાનને ઓળખતાં તેવો પોતાનો આત્મસ્વભાવ જાણ્યો એટલે તેણે પોતાના આત્મામાં જ સિદ્ધ–ભગવાનને ઉતારી, અંતર્મુખ થઈને સિદ્ધભગવાનને નમસ્કાર કર્યા.


સિદ્ધના આત્માને જાણતાં રાગરહિત ને જ્ઞાનસહિત એવો આત્મા જણાય છે. સિદ્ધનો આત્મા શુદ્ધ છે, તેથી તેને જાણતાં આત્માનું શુદ્ધસ્વરૂપ જણાય છે, ને સ્વપરનું ભેદજ્ઞાન થાય છે. જેણે આવું ભેદજ્ઞાન કર્યું તેણે સિદ્ધભગવાનને પરમાર્થ નમસ્કાર કર્યા.

## સિદ્ધમાં જે છે તે સ્વ; સિદ્ધમાં જે નથી તે પર.

આ રીતે સિદ્ધભગવાનને જાણતાં સ્વ–પરનું ભેદજ્ઞાન થાય છે; માટે મંગલાચરણમાં

સિદ્ધભગવાનને નમસ્કાર કર્યા છે. આ રીતે સિદ્ધભગવાન જેવા શુદ્ધઆત્માનો નિર્ણય કરવો તે સમ્યગ્દર્શન છે, તે પહેલો અપૂર્વ ધર્મ છે, તેમાં આત્માની અપૂર્વ શાંતિના વેદનરૂપ સમાધિ છે.

જે જીવ મોક્ષાર્થી છે....આત્માર્થી છે....'હું કોણ છું ને મારું હિત કેમ થાય?' એમ જેને આત્માના હિતની જિજ્ઞાસા જાગી છે–એવા જીવને મોક્ષનો ઉપાય બતાવવા માટે આ શાસ્ત્રનો ઉપદેશ છે. 'કામ એક આત્માર્થનું'–એટલે જેને એક આત્માર્થની જ ભાવના છે, બીજી કોઈ ભાવના નથી, આત્માનો જ અર્થી થઈને શ્રીગુરુ પાસે હિતનો ઉપાય સમજવા આવ્યો છે ને પૂછે છે કે પ્રભો! આ આત્માને શાંતિ કેમ થાય? આ આત્માનું હિત કેમ થાય? એવા આત્માર્થી જીવને આત્માના મોક્ષનો ઉપાય આચાર્યદેવ બતાવે છે.




જે સિદ્ધ ભગવાનમાં
હોય તે સ્વ;
જે સિદ્ધ ભગવાનમાં
ન હોય તે પર.

આ પ્રમાણે સિદ્ધભગવાનને જાણતાં આત્માનું સત્યસ્વરૂપ ઓળખાય છે.–જે મોક્ષનો અભિલાષી હોય તે જીવ સિદ્ધભગવાનને પોતાના ધ્યેયરૂપે રાખીને આ પ્રમાણે સ્વ–પરનું ભેદવિજ્ઞાન કરે છેઃ –ઇન્દ્રિયો–શરીર–ચારગતિ–રાગ કે ગુણભેદના વિકલ્પો એ બધાયથી પાર, સહજ ચૈતન્યરૂપ એક આત્માને સ્વસંવેદનથી અનુભવમાં લઈને પરમ શાંતિને વેદે છે. આથી ઇષ્ટપણે સ્વીકારીને સિદ્ધપરમાત્માને નમસ્કાર કર્યા છે.

અહીં એમ જાણવું કે સિદ્ધભગવાનને નમસ્કાર કર્યા તેમાં પાંચે પરમેષ્ઠી–ભગવંતો આવી જાય છે; કેમકે આચાર્ય વગેરેને પણ એકદેશ–સિદ્ધપણું પ્રગટ્યું છે, આત્માના અતીન્દ્રિય જ્ઞાન–આનંદની અંશે પ્રાપ્તિ તેમને પણ થઈ છે, તેથી તેઓ પણ ઇષ્ટ છે. જેટલા સમ્યક્ત્વાદિ ભાવો છે તે બધાય જીવને ઇષ્ટ છે;અને જે કોઈ મિથ્યાત્વાદિ પરભાવો છે તે જીવને ઇષ્ટ નથી.

સિદ્ધભગવાનના આત્મામાં જે ભાવો છે તે ભાવો આત્માને શાંતિકારી હિતરૂપ છે, ને સિદ્ધભગવાનમાંથી જે ભાવો નીકળી ગયા તે ભાવો આત્માને અહિતરૂપ છે.–આમ ઓળખીને

પોતાના જ્ઞાનાનંદસ્વરૂપના આદરથી મોહાદિભાવોનો નાશ કરવો તે કર્મબંધથી છૂટીને મુક્ત થવાનો ઉપાય છે.

જ્ઞાની ગુરુના ઉપદેશથી એમ જાણ્યું કે "મારા આત્માનો સ્વભાવ શુદ્ધ સિદ્ધસમાન છે, રાગાદિ કે શરીરાદિ મારું સ્વરૂપ નથી; મારી પર્યાયમાં વિકાર અને દુઃખ છે પણ તે મારું વાસ્તવિક સ્વરૂપ નથી;" –આ પ્રમાણે ગુરુના ઉપદેશથી જાણીને, અથવા પૂર્વે સાંભળ્યું હોય તેના સંસ્કારથી, જીવ જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીત કરે છે ત્યારે મિથ્યાત્વાદિ કર્મોનો ઉપશમાદિ થઇ જાય છે; તથા સમ્યગ્દર્શન થતાં તત્ત્વોની વિપરીતબુદ્ધિ છૂટી જાય છે, ને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપ સિવાય બીજે કયાંય આત્મબુદ્ધિ થતી નથી. આ રીતે શુદ્ધ આત્માને આત્મારૂપે, વિકારને વિકારરૂપે, ને પરને પરરૂપે જાણે છે, એટલે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે; પછી આત્મસ્વરૂપમાં સ્થિર થતાં પરથી ઉદાસીનતારૂપ ચારિત્ર થાય છે; –આવાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષનો ઉપાય છે. સ્વને સ્વ–રૂપે અને પરને પર–રૂપે જાણીને, પરથી ઉદાસીન થઈને સ્વમાં ઠરવું તે મોક્ષનો ઉપાય છે; સિદ્ધભગવાનને ઓળખતાં આવો મોક્ષનો ઉપાય શરૂ થાય છે, –માટે માંગળિકમાં ઇષ્ટદેવ તરીકે સિદ્ધભગવાનને નમસ્કાર કર્યા.

સિદ્ધદશા તે આત્માનું ધ્યેય છે, તે જ આત્માનું ઇષ્ટ છે. શાસ્ત્રકર્તા પૂજ્યપાદ સ્વામીને તેમ જ વ્યાખ્યાતા અને શ્રોતાજનોને આવું શુદ્ધ આત્મપદ પ્રાપ્ત કરવાની ઉત્કટ અભિલાષા છે, તેથી તેવા શુદ્ધપદને પામેલા સિદ્ધભગવંતોને નમસ્કાર કરીને શરૂઆત કરી છે. જેને જે વહાલું હોય તેને જ તે નમસ્કાર કરે છે.

અહો! અમને આ એક સિદ્ધપદ જ પરમપ્રિય છે, તે સિવાય રાગાદિ કે સંયોગ અમને પ્રિય નથી; માટે શુદ્ધપદને પામેલા સિદ્ધભગવંતોને નમસ્કાર કરીને શુદ્ધ આત્માનો જ અમે આદર કરીએ છીએ.

સર્વજ્ઞ ભગવાન અરિહંતદેવ શરીરસહિત હોવા છતાં આહારાદિ દોષથી રહિત છે. જ્યાં આત્માના અનંત આનંદનો ભોગવટો પ્રગટી ગયો છે–ત્યાં ક્ષુધાદિ દોષ હોતા નથી ને આહારાદિ પણ હોતા નથી. ભગવાનને રાગ–દ્વેષાદિ દોષો પણ નથી. આ સિવાય અન્ય કુદેવ તો રાગાદિસહિત છે, ક્ષુધાદિ દોષ સહિત છે, એટલે તે આત્માના ઇષ્ટ નથી. અતીન્દ્રિય આનંદ સહિત એવું સર્વજ્ઞપદ જ આત્માનું પરમ ઇષ્ટ છે, તેથી તેને પામેલા અરિહંતોની ઓળખાણપૂર્વક તેમનો આદર કરીને તેમને નમસ્કાર કરીએ છીએ.

સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ આત્માના હિતનું કારણ છે. સંગથી પાર થઈને આત્માના સ્વભાવ સન્મુખ થા, તે જ હિતનો ઉપાય છે, –એમ ભગવાનનો ઉપદેશ છે. અરિહંત ભગવાન જ સર્વજ્ઞ–હિતોપદેશી છે, તે જ ઇષ્ટદેવ છે.

પહેલા શ્લોકમાં સિદ્ધ ભગવાનને તથા બીજા શ્લોકમાં અરિહંત ભગવાનને નમસ્કાર કરીને ત્રીજા શ્લોકમાં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે, જે કેવળ–સુખનો અભિલાષી છે એવા મોક્ષાર્થી જીવને માટે હું કર્મમલથી વિભક્ત એવા સુંદર આત્માનું સ્વરૂપ કહીશ.




અહો! જે જીવો આત્માના અતીન્દ્રિયસુખને ઝંખી રહ્યા છે તેમને માટે હું કર્મથી ભિન્ન શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવીશ, કે જે આત્માને જાણતાં જરૂર અતીન્દ્રિય આનંદ થાય. આત્મા પોતે અતીન્દ્રિય આનંદનો સાગર છે; જગતના અનંતકાળના ભવ–ભ્રમણના દુઃખથી થાકીને જેને કેવળ આત્માના સુખની સ્પૃહા જાગી છે–એવા ભવ્ય આત્માને માટે અહીં ભિન્ન આત્માનું સ્વરૂપ બતાવીશ.

મારો મારા આત્માનો અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત કરવો છે, અને તે મને જરૂર પ્રાપ્ત થશે–એમ આત્માના સુખને જે લેવા માંગે છે તેને આ વાત સમજાવે છે. એક આત્માના અતીન્દ્રિય સુખ સિવાય જગતમાં બીજું કાંઈ તેને વહાલું નથી, કેવળ આનંદની જ તેને ભાવના છે, એવો ભવ્ય જીવ દેહાદિથી ભિન્ન આત્માનું સ્વરૂપ જાણીને આત્માની અપૂર્વ શાંતિને જરૂર પામે છે.

બાર અંગરૂપ જિનવાણીનો સાર એ છે કે કર્મથી ભિન્ન, સંયોગથી ભિન્ન, જ્ઞાનઆનંદસ્વરૂપ આત્મા છે–તેનું લક્ષ કરવું ને તેમાં ઠરવું. જેણે આવા આત્માનું લક્ષ કર્યું તેનો જન્મ સફળ છે.

અશુદ્ધતાને તો જગત અનુભવી જ રહ્યું છે, પણ શુદ્ધ આત્માને કદી જાણ્યો નથી,

તેથી જે સુખનો અભિલાષી છે તેણે તો શુદ્ધ આત્માનું સ્વરૂપ જ જાણવાયોગ્ય છે, શુદ્ધ આત્માનું સ્વરૂપ જ આરાધ્ય છે. આ સમાધિશતકમાં જ આગળ ૫૩મી ગાથામાં કહેશે કે –જેને મોક્ષની અભિલાષા છે એવા જીવોએ તો જ્ઞાન–આનંદસ્વરૂપ આત્માની જ કથા કરવી, બીજા અનુભવી પુરુષોને પણ તે જ પૂછવું; તે આત્મસ્વરૂપની જ પ્રાપ્તિની ભાવના કરવી, ને તેમાં જ તત્પર થવું,–કે જેથી અવિદ્યામય એવી અજ્ઞાનદશા છૂટીને જ્ઞાનમય જિનપદની પ્રાપ્તિ થાય. આત્માર્થીને પોતાના આત્મસ્વરૂપની વાત સિવાય બીજી વાતમાં રસ ન હોય...તેણે તો સર્વપ્રકારે એક આત્મસ્વરૂપની જ પ્રાપ્તિનો ઉદ્યમ કર્તવ્ય છે.

વળી "યોગસાર" માં પણ કહે છે કે–વિદ્વાન પુરુષોએ આ એક ચૈતન્યસ્વરૂપ આત્મા જ નિશ્ચલ મનથી પઢવાયોગ્ય છે, તે જ ધ્યાન કરવા યોગ્ય છે, તે જ આરાધવા–યોગ્ય છે તે જ પૂછવાયોગ્ય છે, તે જ શ્રવણ કરવાયોગ્ય છે, તે જ અભ્યાસવાયોગ્ય છે, તે જ ઉપાર્જન કરવાયોગ્ય છે, તે જ જાણવાયોગ્ય છે, તે જ કહેવાયોગ્ય છે, તે જ પ્રાર્થના કરવાયોગ્ય છે, તે જ શિક્ષાયોગ્ય (વિનેય) છે, અને તે જ સ્પર્શવાયોગ્ય (અનુભવમાં લેવાયોગ્ય) છે,–કે જેથી આત્મા સદા સ્થિર રહે.–આ રીતે ઘણા બોલથી એક આત્માને જ ઉપાદેય કહ્યો છે; મુમુક્ષુને તેનો ઘણો રસ હોય છે, તેથી સર્વ પ્રકારે તેને જ ઉપાદેય કરીને, તેની શાંતિમાં ઠરે છે.

શ્રી પદ્મનંદી મુનિરાજ પણ કહે છે કે જે જીવો વારંવાર આત્મતત્ત્વનો અભ્યાસ કરે છે, કથન કરે છે, વિચાર કરે છે, સમ્યક્ પ્રકારે ભાવના કરે છે તેઓ નવ ક્ષાયિક લબ્ધિસહિત અક્ષય અને ઉત્કૃષ્ટ એવા મોક્ષસુખને અલ્પકાળમાં પ્રાપ્ત કરે છે. (આ શ્લોક સોનગઢ–માનસ્તંભમાં પણ કોતરેલો છે.)

સર્વ ઉપદેશનું રહસ્ય શું? કે શુદ્ધ આત્માની સન્મુખ થઈને તેને જાણવો. તે જ સર્વ શાસ્ત્રોનો સાર છે. આ સિવાય બહારના બીજા ઉપાયથી સુખ થવાનું જે કહેતા હોય તે ઉપદેશક પણ સાચા નથી, ને તેનો ઉપદેશ તે હિતોપદેશ નથી. હિતોપદેશ તો આ છે કે તું તારા શુદ્ધ આત્માને જાણીને તેની સન્મુખ થા.

મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગ–લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.
હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન–દર્શનમય ખરે;
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે!

શરીરાદિથી આત્મા ભિન્ન છે કેમકે તે ભિન્ન લક્ષણથી લક્ષિત છે; જેઓ ભિન્ન લક્ષણ વડે લક્ષિત થાય છે તેઓ ભિન્ન હોય છે;–જેમ કે જળ અને અગ્નિમાં લક્ષણ (શીત અને ઉષ્ણ) ભિન્ન ભિન્ન હોવાથી તેઓ પ્રસિદ્ધપણે જુદા છે. આત્મા ઉપયોગ–સ્વરૂપથી લક્ષિત છે, અને શરીરાદિ તેનાથી વિરુદ્ધ એવા અનુપયોગ જડસ્વરૂપે લક્ષિત છે, તેથી તેમને જુદાપણું છે. એ જ પ્રમાણે રાગાદિ ભાવોથી પણ જ્ઞાનની ભિન્નતા છે, કેમકે જ્ઞાનમાં શાંતિનું વેદન છે, ને રાગમાં આકુળતા છે, એ રીતે બંનેનાં લક્ષણ જુદાં છે.

મારો આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે; મને મારો આનંદ કેમ પ્રાપ્ત થાય–એ જ એક અભિલાષા છે,–એમ જેને ધગશ જાગી હોય એવા જીવને સંબોધીને આત્માનું સ્વરૂપ વીતરાગ સંતોએ કહ્યું છે.

મારે તો આત્માનો આનંદ જોઈએ છે, કર્મના સંબંધ વગરનો–ઈન્દ્રિયના વિષયોના સંબંધ વગરનો, કેવળ આત્માનો અતીન્દ્રિય આનંદ મારે જોઈએ છે,–આવી જેને ઝંખના થઈ છે તેને માટે કર્માદિથી ભિન્ન આત્માનું સ્વરૂપ બતાવે છે, કેમકે એવા આત્માનું સ્વરૂપ જાણવાથી જ અતીન્દ્રિયસુખ થાય છે; માટે આગમથી, યુક્તિથી ને અનુભવથી આવા શુદ્ધઆત્માનું સ્વરૂપ જાણવા યોગ્ય છે.

અંદર રાગ–દ્વેષાદિ ભાવો થાય છે તેઓ ખરેખર આત્માના જ્ઞાનલક્ષણથી ભિન્ન છે;, કેમ કે રાગ–દ્વેષ તો આકુળતા–લક્ષણવાળા છે, તે સ્વ–પરને જાણતા નથી, તે બહિર્મુખ ભાવ છે, ને જ્ઞાનસ્વભાવ તો શાંત અનાકુળ છે, અંતર્મુખ થતાં તે વેદાય છે, સ્વ–પરને જાણવાનો તેનો સ્વભાવ છે; આ રીતે ભિન્ન લક્ષણ દ્વારા રાગ અને જ્ઞાનની ભિન્નતા જાણીને, જ્ઞાનલક્ષણ વડે આત્માને ઓળખવો. સર્વ પ્રકારના લક્ષણ વડે અનુમાનથી–યુક્તિથી આત્માને દેહાદિથી જુદો ને રાગાદિથી જુદો જ્ઞાનદર્શનસ્વરૂપ નક્કી કરવો.

અહો, મોક્ષપુરીમાં બિરાજમાન અતીન્દ્રિયજ્ઞાન–આનંદસ્વરૂપ સિદ્ધભગવંતો, તેમને જ્ઞાનદ્રષ્ટિવડે દેખીને મોક્ષના સાધક જીવો નમસ્કાર કરે છે. પોતાના આત્મામાં એવો સ્વભાવ છે તેને તો સ્વાનુભૂતિ વડે દેખે છે, અને અનુભૂતિસહિતના જ્ઞાન વડે સિદ્ધભગવાનનું સ્વરૂપ પણ ઓળખે છે.

# કરોડો ઉપાયે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો

## ભેદજ્ઞાન પ્રગટ કરવું તે જ સાચો નિર્વાણમહોત્સવ છે

( છહઢાળા–પ્રવચનમાંથી અંક ૩૭૩ થી ચાલુ )

મોક્ષને માટે વારંવાર ભેદજ્ઞાનની પ્રેરણા કરતાં શાસ્ત્રકારો કહે છે કે અહો, આ ભેદજ્ઞાન નિરંતર ભાવવા જેવું છે, કેમકે સિદ્ધિનું કારણ આ ભેદજ્ઞાન જ છે. જે કોઈ જીવો મોક્ષ પામે છે તેઓ ભેદજ્ઞાન વડે જ મોક્ષ પામે છે. મારો આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપથી જુદો જે કોઈ શુભાશુભ રાગ કે ધન–કુટુંબ વગેરે સંયોગ તે હું નથી;–આવા ભેદજ્ઞાન વડે આત્માને અનુભવીને જ બધાય જીવો સિદ્ધ થયા છે. અને આવા ભેદજ્ઞાન વગર કોઈ જીવો સિદ્ધિ પામતા નથી; આ રીતે ભેદજ્ઞાન તે જ મુક્તિનો ઉપાય છે.

भेदज्ञान संवर जिन पायो ते चेतन शिवरूप ग्रहायो।
भेदज्ञान जिनके घट नांही ते जड जीव बंधे जगमांही।।

–આવું ભેદજ્ઞાન છે તે આત્માથી અભિન્ન છે, ને તે મોક્ષનું કારણ છે, માટે મુમુક્ષુઓએ ભેદજ્ઞાનની ભાવના નિરંતર કર્તવ્ય છે, આત્માના જ્ઞાન વગરના બહારના જાણપણાને કાંઇ ભેદજ્ઞાન કહેતા નથી, તે તો અજ્ઞાન અથવા કુજ્ઞાન છે. અરે! પોતાના આત્માને પરથી જુદો ન પાડે એને તે સાચું જ્ઞાન કોણ કહે? પરથી ભિન્ન પોતાના આત્માનું જ્ઞાન તે જ સાચું ભેદજ્ઞાન છે. નિજસ્વરૂપમાં એકતા કરીને રાગાદિથી જુદું પડયું તે જ સુજ્ઞાન છે. આવા ભેદજ્ઞાનવંત સુજ્ઞાની જીવ તે જ મુક્તિનો પંથી છે. જેને આવું ભેદજ્ઞાન નથી, દેહમાં ને રાગમાં એકતા બુદ્ધિથી જેનું જ્ઞાન અજ્ઞાનરૂપ પરિણમી રહ્યું છે–એવો જીવ શુભ–અશુભકર્મોને બાંધીને સંસારમાં જ રખડે છે. માટે કહે છે કે હે ભાઈ! હે આત્મહિતના અભિલાષી! કરોડો ઉપાયે પણ તું આવું ભેદજ્ઞાન કર...તારા હિતનું આ ઉત્તમ કામ સૌથી પહેલાં કર.

આત્મામાં ઊતરીને જેણે ભેદજ્ઞાન પ્રગટ કર્યું, સ્વાનુભવથી જેણે આત્માનો નિર્ણય કર્યો, તેને સંયોગ ફરતાં તે નિર્ણય ફરે નહિ. સાચો નિર્ણય એવો ન હોય કે અહીં (સ્વાધ્યાય મંદિરમાં) બેઠા હોય ત્યારે જ તે રહે ને બહાર જાય ત્યાં તે છૂટી જાય! સાચો નિર્ણય તો એવો હોય કે આત્મા જ્યાં જાય ત્યાં સાથે જ રહે; કોઈ સંયોગમાં છૂટે નહીં, કેમકે તે નિર્ણય સંયોગના આધારે થયો નથી પણ આત્માના સ્વભાવમાંથી આવ્યો છે. જ્ઞાનીને જે ભેદજ્ઞાન થયું છે તે સદાય સર્વપ્રસંગે રહે છે; તેણે આત્માને આત્મારૂપ જાણ્યો તે કદી છૂટતો નથી, ને પરને પરરૂપ જાણ્યા છે તેમાં કદી આત્મભાવ થતો નથી.–

નિજરૂપને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે;
જાણે–જુએ જે સર્વ તે હું–એમ જ્ઞાની ચિંતવે.

અહા, આવું ભેદજ્ઞાન થયું તે તો આત્મરૂપ થઈ ગયું, તે હવે કેમ છૂટે? તે તો આત્માનું નિજસ્વરૂપ છે. હે ભાઈ! તું પુણ્ય–પાપ વગરના આવા તારા ચૈતન્યસ્વરૂપ આત્મામાં નજર તો કર! તને તારું અચલસ્વરૂપ કોઈ પરમ અદ્ભુત દેખાશે, ને તારા આત્મામાંથી તને મુક્તિસુખનો સ્વાદ આવશે.–આવા ભેદજ્ઞાનવાળો જીવ પ્રસંશનીય છે. ધનના ઢગલા ઘણા હોય કે શાસ્ત્રનું ભણતર ઘણું હોય તેથી કાંઇ જીવ પ્રશંસનીય નથી. પણ અંદર જેણે અતીન્દ્રિયજ્ઞાનવડે ચૈતન્યતત્ત્વની અનુભૂતિ કરી છે તે જીવ ત્રણલોકમાં પ્રશંસનીય છે. શ્રી કુંદકુંદસ્વામી પણ તેની પ્રશંસા કરતાં કહે છે કે–

તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂર–વીર ને પંડિત છે,
સમ્યક્ત્વ–સિદ્ધિકર અહો! સ્વપ્નેય નહિ દૂષિત છે.

આત્માના અનુભવરૂપ જે ભેદજ્ઞાન, તેનું સાધન પણ આત્માથી જુદું નથી; આત્માથી અભિન્ન એવું જ્ઞાન જ ચૈતન્યસ્વભાવમાં ઘૂસીને આત્માને પરભાવોથી છૂટો ગ્રહણ કરી લ્યે છે, ને પરમ સુખને અનુભવે છે. આત્મા ચૈતન્યવસ્તુ છે, અસંખ્ય પ્રદેશનો પિંડ છે, જ્ઞાન–સુખ વગેરે અનંત સ્વભાવો તેમાં ભર્યા છે; જેમ ચંદનમાં સર્વત્ર સુગંધ છે તેમ ચૈતન્યમાં સર્વત્ર જ્ઞાન–આનંદ છે; તેમાં દેહ નથી, રાગ નથી. આવી પોતાના અનંત ભાવોથી ભરેલી એક ચૈતન્યવસ્તુ હું છું.–આમ સ્વસન્મુખ થઇને જે સમ્યગ્જ્ઞાન થયું તે અંદરના ચૈતન્યદરિયામાં ઊછળ્યું છે, ચૈતન્યના અનંતગુણના રસને સાથે લેતું તે પ્રગટયું છે; ભેદજ્ઞાન છે તે આનંદસહિત પ્રગટે છે. જેમ સાકરની મીઠાશ ખ્યાલમાં

આવે છે, તેમ ચૈતન્યના આનંદની કોઇ અતીન્દ્રિય મીઠાશ છે તેનો સ્વાદ ભેદજ્ઞાનીને આવે છે. શુભવિકલ્પમાં આકુળતા છે, તેના સ્વાદથી જુદો પરમ નીરાકુલ શાંતરસ આત્મામાં છે; તેને માટે આખા સંસારના બાહ્યભાવોનો રસ છૂટીને અંદર આત્માનો રસ આવવો જોઈએ, અત્યંત પ્રેમથી તેમાં પરિણામ લગાડવા જોઈએ. આત્મા અરૂપી હોવા છતાં સત્ વસ્તુ છે, તેનો સાક્ષાત્–સ્વાદ ધર્મીને સ્વાનુભવમાં આવે છે. અરૂપી છે તેથી કાંઇ અનુભવમાં ન આવે એવો નથી, જ્ઞાન વડે અનુભવમાં આવે તેવો છે. પણ તેને માટે અંતરમાં તેનો ખૂબ અભ્યાસ કરવો જોઈએ. 'કરોડો ઉપાયથી પણ સમ્યગ્જ્ઞાન કર' એમ કહ્યું, પરંતુ 'કરોડો ઉપાયથી તું શુભરાગ કર' એમ ન કહ્યું, કેમકે સુખનું કારણ કાંઈ રાગ નથી, સમ્યગ્જ્ઞાન જ સુખનું કારણ છે. માટે વિકલ્પથી જુદો પડીને આત્માનો અભ્યાસ કરવો. સમ્યગ્દર્શન પછી પણ જે વ્રતાદિના વિકલ્પો આવે તેનાથી પણ જ્ઞાનની ભિન્નતાનો અભ્યાસ કરવો. ભાઈ, તારા હિત માટે તું દુનિયાની દરકાર છોડ ને સર્વ ઉપાયથી આત્માના જ્ઞાનનો ઉદ્યમ કર. ભલે કરોડો મુશ્કેલી બહારમાં આવે, નિંદા થાય, રોગ હો, નિર્ધનતા હો, છતાં તું અંતરમાં આત્માના અનુભવનો ઉદ્યમ કર. મરીને પણ (મરણ જેટલી પ્રતિકૂળતા આવી પડે તોપણ) તું આત્મામાં ઊતરીને સમ્યગ્દર્શન કર. તે અંતરની અપૂર્વ વીતરાગી ક્રિયા છે. ધર્મમાં આ મૂળ ચીજ છે, તેના વગર શુભની કાંઈ કિંમત નથી. જગતને શરીરની ને રાગની ક્રિયા દેખાય છે, પણ ધર્મીના અંતરમાં ચૈતન્યના શ્રદ્ધા–જ્ઞાનની વીતરાગી ક્રિયા છે તે તેને દેખાતી નથી; તેને ઓળખે તો તે ન્યાલ થઈ જાય. અહીં કરોડો ઉપાયથી જ્ઞાન કરવાનું કહ્યું, તો કાંઈ જુદા જુદા કરોડ ઉપાય નથી, ઉપાય તો એક જ છે, પણ કરોડો પ્રકારની પ્રતિકૂળતા વચ્ચે પણ, આત્માને ઓળખીને તેનો અનુભવ કરવો, ભેદજ્ઞાન કરવું–તે જ એક કર્તવ્ય છે.

જેના અંતરમાં સાચી જ્ઞાનકળા જાગી તે જીવને સંસાર પ્રત્યે સહજ વૈરાગ્ય થઈ જાય છે; વિષય–કષાયોમાં તેને સ્વપ્નેય સુખ કે મીઠાશ લાગતી નથી. તે ભલે ગૃહસ્થા–શ્રમમાં હોય, પુણ્ય–પાપના ભાવો થતા હોય, છતાં જ્ઞાનબળને લીધે આત્માને પુણ્ય–પાપથી ભિન્ન જ્ઞાનસ્વાદરૂપ અનુભવે છે; પરની સાથે મારે કાંઈ સંબંધ નથી–એમ તેની જ્ઞાનપરિણતિ પરથી ને રાગથી અત્યંત નિર્લેપ રહે છે. ભગવાન આત્માના આનંદઅમૃત પાસે વિષય–કષાયોને ઝેર જેવા સમજે છે. ભરતચક્રવર્તી, રાજા રામ વગેરે સમ્યગ્દ્રષ્ટિ હતા, તેમને અંતરમાં આવી દશા હતી. ઈંદ્ર જેનો મિત્ર, છન્નુંહજાર જેને રાણીઓ, છ ખંડનું જેને રાજ્ય, તીર્થંકર જેના પિતા અને નવનિધાન જેના ઘરે,–છતાં તે ભરત–

ચક્રવર્તી જાણતા હતા કે તેમાં અમારું કોઈ જ નથી, અમારાથી તે બધાય ભિન્ન છે, તેમાં કયાંય અમે નથી; આવા ભેદજ્ઞાનની કળાવડે અંદરમાં ચૈતન્યના આનંદનો સ્વાદ લેતા હતા. આવું જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે, એકવાર પ્રગટ કર્યા પછી તે ભેદજ્ઞાનની ધારા આગળ વધીને અક્ષય કેવળજ્ઞાનને સાધે છે....ને પૂર્ણાનંદને પ્રાપ્ત કરે છે માટે કહે છે કે જગતમાં જે કોઈ જીવને આત્માનું સુખ જોઇતું હોય તે સર્વે જીવોએ અંતરમાં કરોડો ઉપાયથી, એટલે કે અંતરના મહાન અપૂર્વ ઉદ્યમથી પરિણામને આત્મામાં જોડીને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કરવું. ત્રણે કાળે આવું સમ્યગ્જ્ઞાન તે જ મોક્ષનો ઉપાય છે; તેના વડે જ વિષયોની ઇચ્છારૂપ ભયંકર દાવાનળ બુઝાય છે ને પરમ આત્મશાંતિ પમાય છે.

## * જડ-ચેતન સંવાદ *

સુનુ તો થયું રે પીંજર સુનુ તો થયું,
પંછી તો ઉડયું ને પીંજર સુનુ તો થયું.
ચેતન પૂંછે રે કાયા માન તું વાત મારી
જીવનભર રહ્યા ભેગા, જાવું કેમ એકલા રે....... પંછી તો.
કાયા બોલે વેણ મીઠા સાંભળ ઓ ચેતન હંસા,
અમે જડ ને તું ચેતન, અનાદિના જુદે જુદા રે....... પંછી તો.
જીવ સમજાવે કાયા, લાલન, પાલન મેં કીધું,
રેશમના ચીર હીરા મોતીથી મઢી દીધું રે.......... પંછી તો....
કાયા બોલે ચેતન ભોળા તું ભીંત ભૂલ્યો રે,
પુદ્ગલનાં ખેલ એમાં તૂં કેમ રાચ્યો રે.......... પંછી તો..
ચેતન કહે વાત છેલ્લી સાંભળ ઓ કાયા ઘેલી,
મારો સંગ છોડવાથી, ભસ્મ થાવું જોશે રે........... પંછી તો.
વાહ રે ચેતન વાત તારી મને તેની તમા નહીં,
માટીના પૂતળાને હરખ શોક કંઇ નહીં રે........... પંછી તો.
ગુરુજી કહે મીઠી વાણી સાંભળ ઓ ભવી પ્રાણી,
હીરા જેવી જીંદગાની આતમરામ ભજી લે રે.......... પંછી તો.

# વીરનિર્વાણમહોત્સવમાં વીરબાળકોનો ઉત્સાહ

વીરનિર્વાણ–મહોત્સવનું જે ભવ્ય આંદોલન ભારતભરમાં ચાલી રહ્યું છે તેમાં સમસ્ત સમાજની સાથે યુવાનો અને બાળકો પણ હૈયાના ઉમળકાથી કેવો મજાનો ભાગ લઈ રહ્યા છે તે આપણે સૌ જોઈ રહ્યા છીએ. અરે, આવો અવસર કયાંથી! –કે આપણા જીવનમાં જ ભગવાનના મોક્ષના અઢીહજારવર્ષનો ઉત્સવ ઉજવાય! –આવી ઉર્મિથી બાલવિભાગની યોજનાઓમાં જેમના તરફથી અઢીહજાર પૈસા (પચીસ રૂપિયા) આવી રહ્યા છે તેમની યાદી અહીં આપી છે. બંધુઓ, આ ઉત્સવ અને તેને લગતી યોજનાઓ આખું વર્ષ ચાલવાની છે; એટલું જ નહિ પછી પણ તેમાં આગળ જ વધવાનું છે. જેમ જેમ તમે મોટા થાઓ તેમ તેમ વીરમાર્ગે આત્મસાધનામાં પણ તમે આગળ વધજો, –‘જય મહાવીર’ (સં૦)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૯૭ | રૂપલબેન ધીમંતકુમાર જૈન | કાંદીવલી | ૪૧૨ | નમીતાબેન ભરતકુમાર જૈન | સોનગઢ |
| ૩૯૮ | સોનલબેન ધીમંતકુમાર જૈન | કાંદીવલી | ૪૧૩ | સાધનાબેન અનીલકુમાર જૈન | મુંબઇ |
| ૩૯૯ | મીનેશકુમાર ધીમંતકુમાર જૈન | કાંદીવલી | ૪૧૪ | પ્રજ્ઞાબેન રજનીકાંત જૈન | મુંબઈ |
| ૪૦૦ | સ્વ. રમણીકલાલ ભુરાલાલ જૈન | સુરત | ૪૧૫ | અતુલ મુકુન્દરાય ખારા | મુંબઈ |
| ૪૦૧ | પ્રેમચંદ નેમચંદ જૈન | દિલ્હી | ૪૧૬ | પ્રદીપ મુકુન્દરાય ખારા | મુંબઈ |
| ૪૦૨ | રૂપાબેન અનુપચંદ જૈન | અમરેલી | ૪૧૭ | નીરૂપમ મુકુન્દરાય ખારા | મુંબઈ |
| ૪૦૩ | હંસાબેન દિનેશકુમાર જૈન | અમેરીકા | ૪૧૮ | પંકજ મુકુન્દરાય ખારા | મુંબઈ |
| ૪૦૪ | કિરણબેન વૃજલાલ જૈન | માટુંગા | ૪૧૯ | ચંદ્રકળાબેન જૈન | ભીલાઈ |
| ૪૦૫ | ભીખુભાઈ સુરેશચંદ્ર જૈન | મુંબઈ | ૪૨૦ | ભારતીબેન ભોગીલાલ દોશી | ઘાટકોપર |
| ૪૦૬ | નિલેશકુમાર ભીખુભાઈ જૈન | મુંબઈ | ૪૨૧ | ચંદ્રીકાબેન ભોગીલાલ દોશી | ઘાટકોપર |
| ૪૦૭ | રમણીકલાલ જૈન | મુંબઈ | ૪૨૨ | ચંદ્રપ્રભાબેન જૈન | ઇન્દોર |
| ૪૦૮ | ઇન્દુબેન રસીકલાલ જૈન | મુંબઈ | ૪૨૩ | ચૈતન્યકુમાર જૈન | ઇડર |
| ૪૦૯ | પ્રભુદયાળ જૈન | | ૪૨૪ | કાંતીલાલ હરિલાલ શાહ | મુંબઈ |
| ૪૧૦ | રાયચંદ ખેમચંદ જૈન | સોલાપુર | ૪૨૫ | અશ્વિનકુમાર મનહરલાલ જૈન | – |
| ૪૧૧ | ભરતકુમાર હિંમતલાલ | સોનગઢ | ૪૨૬ | રમેશચંદ્ર ગુલાબચંદ્ર જૈન | શિવપુરી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૨૭ | કિરીટકુમાર જમનાદાસ સંઘવી | રાજકોટ | ૪૫૨ | પ્રકાશચંદ્ર બાલચંદ જૈન | મુંબઈ |
| ૪૨૮ | ધ્રુવકુમાર જમનાદાસ જૈન | ઘાટકોપર | ૪૫૩ | ચીનુભાઈ બાલચંદ જૈન | મુંબઈ |
| ૪૨૯ | ભાવનાબેન જમનાદાસ જૈન | ઘાટકોપર | ૪૫૪ | કિશોરભાઈ બાલચંદ જૈન | મુંબઈ |
| ૪૩૦ | મીતેશકુમાર જમનાદાસ જૈન | ઘાટકોપર | ૪૫૫ | પ્રફુલભાઈ બાલચંદ જૈન | મુંબઈ |
| ૪૩૧ | પ્રણવભાઈ જમનાદાસ જૈન | ઘાટકોપર | ૪૫૬ | રાજેશ બાલચંદ જૈન | મુંબઈ |
| ૪૩૨ | અનીલકુમાર અશોકકુમાર જૈન | ઘાટકોપર | ૪૫૭ | પ્રતિભાબેન પ્રકાશચંદ્ર જૈન | મુંબઈ |
| ૪૩૩ | કોકિલાબેન પંકજકુમાર જૈન | ઘાટકોપર | ૪૫૮ | સરોજબેન ચુનીભાઈ જૈન | મુંબઈ |
| ૪૩૪ | અનીશભાઈ તથા અનીલભાઈ જૈન | ઘાટકોપર | ૪૫૯ | જ્યોતીબેન કિશોરચંદ જૈન | મુંબઈ |
| ૪૩૫ | પેમચંદ જૈન ( ખેમરાજ ( દુલીચંદ ) | ખેરાગઢ | ૪૬૦ | જીતેશ પ્રકાશચંદ્ર જૈન | મુંબઈ |
| ૪૩૬ | જીજ્ઞા રમેશચંદ્ર ગાંધી | મુંબઈ | ૪૬૧ | મનીશ પ્રકાશચંદ્ર જૈન | મુંબઈ |
| ૪૩૭ | વનિતાબેન ગુલાબચંદ જૈન | જામનગર | ૪૬૨ | ડીમ્પલ પ્રકાશચંદ્ર જૈન | મુંબઈ |
| ૪૩૮ | વિજયાબેન હરગોવીંદદાસ મોદી | સોનગઢ | ૪૬૩ | રાજીવ ચુનીલાલ જૈન | મુંબઈ |
| ૪૩૯ | અશોકકુમાર બાવીશી | કલ્યાણ | ૪૬૪ | પારસ ચુનીલાલ જૈન | મુંબઈ |
| ૪૪૦ | રતનબાઈ જૈન | વારાણસી | ૪૬૫ | મહેશ પ્રભુદાસ જૈન | મુંબઈ |
| ૪૪૧ | સુપાર્શ્વદાસ જૈન | વારાણસી | ૪૬૬ | ઉષાબેન મહેશકુમાર જૈન | મુંબઈ |
| ૪૪૨ | ઋષભદાસ જૈનના ધર્મપત્ની | વારાણસી | ૪૬૭ | કવિતા મહેશકુમાર જૈન | મુંબઈ |
| ૪૪૩ | વિજયક્રિષ્ણ જૈનના માતુશ્રી | વારાણસી | ૪૬૮ | મરઘાબેન વૃજલાલ વોરા જૈન | મુંબઈ |
| ૪૪૪ | મહિલા સમાજ પંચાયતી જૈન મંદિર | વારાણસી | ૪૬૯ | ચેતના બી કામઠ જૈન | મુંબઈ |
| ૪૪૫ | ઝવેરચંદ પુનમચંદ શાહ | નાઇરોબી | ૪૭૦ | અશોકકુમાર જયંતિલાલ કામદાર | મુંબઇ |
| ૪૪૬ | લક્ષ્મીબેન ઝવેરચંદ શાહ | નાઇરોબી | ૪૭૧ | કુમારી નીરંજના જૈન | જબેરા |
| ૪૪૭ | કમલબેન ઝવેરચંદ શાહ | નાઇરોબી | ૪૭૨ | પ્રાણકુંવરબેન હેમાણી | કલકત્તા |
| ૪૪૮ | નીર્મલ ઝવેરચંદ શાહ | નાઇરોબી | ૪૭૩ | રાજેશ રમણીકલાલ મોટાણી | કલકત્તા |
| ૪૪૯ | વિદ્યુત ઝવેરચંદ શાહ | નાઇરોબી | ૪૭૪ | રાજેન રમણીકલાલ મોટાણી | કલકત્તા |
| ૪૫૦ | બાલચંદ કસ્તુરચંદ જૈન | મુંબઇ | ૪૭૫ | વેણીલાલ શિવલાલ જૈન | સાંગલી |
| ૪૫૧ | શાંતાબેન બાલચંદ જૈન | મુંબઈ | ૪૭૬ | ચંદુલાલ મગનલાલ જૈન | કાંદીવલી |

( તા. ૧૦–૧–૭૫ સુધી )

## આત્મધર્મ–પ્રચાર ખાતે આવેલ રકમો–

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦૧ | વૈભવ કીરીટકુમાર જૈન | સોનગઢ | ૫૧ | મહેન્દ્ર ચત્રભુજ કોઠારી | અમદાવાદ |
| ૫૧ | બાબુલાલ નાનજી જૈન | મુંબઇ | ૫ | ઘેલીબેન સંઘજી | સોનગઢ |
| ૫ | કિરીટ–કુમાર શાંતિલાલ જૈન | રાહુલપીલા | ૫૧ | પોપટભાઈ નરભેરામ ભાયાણી | લાઠી |
| ૫૧ | બાબુભાઈ ત્રીભોવનદાસ ઝવેરી | સોનગઢ | | (તા. ૧૦–૧–૭૫ સુધી આવેલી રકમો) | |

(રૂા. ૫૦૧) એક મુમુક્ષુ બહેન તરફથી તથા રૂા. ૧૦૦) એક મુમુક્ષુ ભાઈ તરફથી બાળકો માટેના સાહિત્યમાં વાપરવામાં આપ્યા છે.)

## અમે જિનવરના સંતાન (બાલવિભાગના નવા સભ્યોનાં નામ)

(અંક નં. ૩૫૪ થી ચાલુ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪૧૨ | વિજયકુમાર વિસનજી જૈન | મુંબઈ | ૩૪૨૭ | સંજાતભાઈ જૈન | મુંબઇ |
| ૩૪૧૩ | રાજેન્દ્રકુમાર વિસનજી જૈન | મુંબઇ | ૩૪૨૮ | દર્શનાબેન જૈન | મુંબઇ |
| ૩૪૧૪ | હર્ષાબેન વિસનજી જૈન | મુંબઈ | ૩૪૨૯ | અભયકુમાર જૈન | મુંબઇ |
| ૩૪૧૫ | કેતનકુમાર હિંમતલાલ જૈન | મુંબઇ | ૩૪૩૦ | ઝવેરબેન જૈન | મુંબઇ |
| ૩૪૧૬ | નૈનેશ ડાહ્યાલાલ જૈન | મુંબઇ | ૩૪૩૧ | ડીમ્પલ નવીનચંદ્ર જૈન | મુંબઇ |
| ૩૪૧૭ | સંજયકુમાર જૈન | મુંબઇ | ૩૪૩૨ | કવિતાબેન નવીનચંદ્ર જૈન | ભાવનગર |
| ૩૪૧૮ | ભરતકુમાર જૈન | મુંબઇ | ૩૪૩૩ | મંજુલાકુમારી જૈન | કલકત્તા |
| ૩૪૧૯ | ગીતાબેન જૈન | મુંબઇ | ૩૪૩૪ | અલ્પાબેન રસીકલાલ જૈન | આણંદ |
| ૩૪૨૦ | ભાવિનકુમાર જૈન | મુંબઇ | ૩૪૩૫ | રોનક રસીકલાલ જૈન | આણંદ |
| ૩૪૨૧ | પારૂલબેન જૈન | મુંબઇ | ૩૪૩૬ | નમીતા ભરતકુમાર જૈન | મુંબઈ |
| ૩૪૨૨ | અમીશાબેન જૈન | મુંબઇ | ૩૪૩૭ | ધ્રુવકુમાર જમનાદાસ જૈન | ઘાટકોપર |
| ૩૪૨૩ | અવનીશભાઈ જૈન | મુંબઇ | ૩૪૩૮ | ભાવનાબેન જમનાદાસ જૈન | ઘાટકોપર |
| ૩૪૨૪ | ભરતકુમાર જૈન | મુંબઇ | ૩૪૩૯ | મીતેશભાઈ જમનાદાસ જૈન | ઘાટકોપર |
| ૩૪૨૫ | સુકન્યાબેન જૈન | મુંબઇ | ૩૪૪૦ | પ્રણવ જમનાદાસ જૈન | ઘાટકોપર |
| ૩૪૨૬ | સચીબેન જૈન | મુંબઇ | ૩૪૪૧ | અનીલભાઈ અશોકકુમાર જૈન | મુંબઈ |

# સું........દ........ર........

બે મિત્રો; બંને રાજપુત્રો બંનેના શરીર અત્યંત સુંદર, બંને સુંદર રાજમહેલમાં વસનારા, બંને પાસે સુંદર સ્ત્રીઓ, સુંદર વસ્ત્રો–આભૂષણો, ઊંચામાં ઊંચા ઠાઠમાઠ વૈભવ વચ્ચે બંને રહેનારા. બંને મિત્રોનું મિલન થયાને ઘણો વખત વીતી ગયો; વર્ષોથી એકબીજાને જોયેલા નહિ. એક મિત્રને થયું કે–ચાલ, મારા મિત્રને મળી આવું....ને એ તો ચાલ્યો. મિત્રને મળવા.

જતાંજતાં વચ્ચે એક વન આવ્યું. વનમાં એક ઝાડ નીચે જીર્ણ–શીર્ણ શરીરવાળા કોઈ સાધુ ધ્યાનમગ્ન બેઠા હતા. પેલો મિત્ર પણ ત્યાં વિસામો લેવા બેઠો...તેણે સાધુને જોયા...જોતાં વેંત આશ્ચર્યથી તેના મોઢામાંથી ઉદ્ગાર નીકળી ગયા–અરે મિત્ર! તું અહીં? હું તો તને મળવા જઈ રહ્યો હતો....ને તું અહીં, આ–રૂપમાં ક્યાંથી? (પોતે જે રાજકુમારમિત્રને મળવા જતો હતો તે રાજકુમાર જ સાધુવેષમાં હતા.)

સાધુએ કહ્યું–મિત્ર! એ બધું છોડીને હું સાધુ થયો છું, આત્માનો સાધક થયો છું.

‘અરે મિત્ર! એ સુંદર રાજ્ય, સુંદર સ્ત્રીઓ, બાગબગીચા વગેરે વૈભવો–એ બધાયને તમે કઈ રીતે છોડી શકયા? એ બધા સુંદર પદાર્થો પણ તમને અસાર કેવી રીતે લાગ્યા?’ મિત્રે પૂછ્યું.

‘સાંભળ, મિત્ર!’ સાધુએ કહ્યું–એ બધી વસ્તુઓ સુંદર તો ખરી, છતાં તે બધી સુંદર વસ્તુઓ પણ જેની પાસે સર્વથા અસુંદર લાગે–એવી બીજી કોઈ એક પરમ સુંદર વસ્તુને મેં મારા અંતરમાં દેખી; એટલે તેની પાસે બીજા બધાયને અસુંદર અને અસાર સમજીને મેં છોડી દીધા. મને કાંઈ ખોટ નથી ગઈ, મેં વધુ સુંદરતા મેળવી છે.

સ્વામી! એ સુંદર વસ્તુ કઈ છે કે જેની સુંદરતાથી મુગ્ધ થઈને, એ સુંદરતા પાસે આખું જગત તમને અસુંદર લાગ્યું?

હે મિત્ર! એ વસ્તુ છે–ચૈતન્યતત્ત્વ! પોતાનું ચૈતન્યતત્ત્વ અને તેના શાંતરસનું વેદન, તે અદ્ભુત સુંદર છે. પરથી ભિન્ન આત્માના એકત્વમાં જે સુંદરતા છે તે સુંદરતા જગતમાં બીજે કયાંય નથી. એની સુંદરતામાં વીતરાગતા છે, ને વીતરાગતામાં આનંદ છે.

અહો મિત્ર! તમે આવું સુંદર.....પરમ સુંદર ચૈતન્યતત્ત્વ બતાવીને મારા ઉપર ઉપકાર કર્યો છે. હું પણ એ જ તત્ત્વને અંગીકાર કરું છું.

(અહા, ચક્રવર્તીપદ છોડવું પણ જેની પાસે સાવ સહેલું લાગે છે–એ ચૈતન્ય તત્ત્વની સુંદરતાની શી વાત?) ('કલ્યાણ' ના એક લેખનના આધારે, સાભાર, સં.)

'ખરેખર આત્માની અનુભૂતિથી ઊંચું કે સુંદર બીજું કાંઈ નથી.'

'न खलु समयसारात् उत्तरं किंचिदस्ति।' (સમયસાર)

*****

# 'શ્રી મુનિરાજની સાથે' (અથવા) 'શ્રી માતાજીની સાથે'

(ભગવાન મહાવીર અઢીહજારવર્ષીય નિર્વાણમહોત્સવ પ્રસંગે)

–આત્મધર્મ–બાલવિભાગ સહર્ષ રજુ કરે છે–

* ભાઈ–બહેનો માટે એક સુંદર ઈનામી યોજના *

(આ યોજનામાં ઉત્સાહથી ભાગ લ્યો ને ચૈત્ર સુદ તેરસ સુધીમાં લેખ મોકલો.)

(૧) ધર્મવત્સલ બંધુઓ! ધારો કે મહાન ભાગ્યથી તમને કુંદકુંદસ્વામી જેવા ધરસેનસ્વામી જેવા કે સમંતભદ્રસ્વામી જેવા કોઈ મહાન મુનિરાજના દર્શન થાય, તમે વૈરાગ્યપૂર્વક તેમની સાથે રહેતા હો, ભક્તિપૂર્વક તેમની સેવા કરતા હો ને તેમની સાથે આત્મહિતની મજાની ચર્ચા કરતા હો–એવા આનંદપ્રસંગનું વર્ણન તમારે લખવાનું છે. તમને મુનિરાજ સાથે રહેતાં ને તેમનું વીતરાગી જીવન જોતાં કેવી ભાવનાઓ જાગી? તમે મુનિરાજને શું–શું પૂછયું? ને મુનિરાજે તમને શું–શું કહ્યું? તે તમારે આઠ–દશ પાનામાં લખવાનું છે. શ્રેષ્ઠ લેખો માટે પાંચ સુંદર ઈનામો અપાશે. (આ વિભાગ ભાઈઓ માટે.)

(૨) ધર્મવત્સલા બહેનો! તમારે માટે પણ જુદી યોજના રજુ કરીએ છીએઃ ધારો કે બ્રાહ્મી–સુંદરી, રાજીમતી કે ચંદના જેવા કોઈ અર્જિકામાતાનો સંગ મહાભાગ્યથી તમને પ્રાપ્ત થાય, તમે વૈરાગ્યપૂર્વક તેમની સાથે રહેતા હો, તેમની સેવા કરતા હો ને તેમની સાથે આત્મહિતની મજાની ચર્ચા કરતા હો–આવા આનંદપ્રસંગનું વર્ણન તમારે લખવાનું છે. તમને તે માતાજીની સાથે રહેતાં ને તેમનું વૈરાગ્યજીવન જોતાં કેવી ભાવનાઓ જાગી ? તમે અર્જિકા માતાજીને શું–શું પૂછયું? ને માતાજીએ તમને શું–શું

કહ્યું ? તે તમારે આઠ–દશ પાનામાં લખવાનું છે. શ્રેષ્ઠ લેખો માટે પાંચ ઈનામો અપાશે.

નિર્વાણમહોત્સવની ખુશાલીમાં આત્મધર્મ–બાલવિભાગ તરફથી આ યોજના રજુ કરવામાં આવી છે; પરંતુ તેમાં નાના–મોટા સૌ કોઈ ભાઈ–બહેનો ભાગ લઈ શકે છે. આપ હિંદી કે ગુજરાતી કોઈ પણ ભાષામાં લખી શકો છો. અક્ષર સારા તથા એક બાજુએ જ લખવા ખાસ સૂચના છે. લેખની સાથે જ આપનું પૂરું સરનામું લખશો.. આપ સૌ જરૂર ભાગ લેશો....લેખ લખતાં–લખતાં આપને જ્ઞાનભાવનાનું તથા વૈરાગ્ય–ભાવનાનું ઘણું જ સુંદર ઘોલન થશે.....ને 'મુનિરાજના સંગે' અથવા તો 'માતાજીના સંગે' તમને જે આનંદ થશે–તેની તો શી વાત !! –जय महावीर

લેખ મોકલવાનું સરનામું: બ્ર. હરિલાલ જૈન, સંપાદક આત્મધર્મ, સોનગઢ

( નિર્વાણમહોત્સવનિમિત્તે આપ આપના તરફથી પણ આવી કોઈ

ઈનામી યોજના રજુ કરવા માંગતા હો તો સંપાદકનો સંપર્ક સાધવો. )

*****

# આપણે તો વીતરાગશાસનના સાધર્મી !

બે ભાઈ.....બંનેને એકબીજા ઉપર પ્રેમ. એક ભાઈ પાંચ બાળક વગેરે પરિવાર સહિત હતો. બીજો ભાઈ એકલો, કુંવારો, ઉપાધિ વગરનો હતો.

બંને ભાઈના ખેતર બાજુ–બાજુમાં હતા. બંનેએ પાકના ઢગલા કરીને મુકયા હતા. સાંજે ઘરે જવાનું ટાણું થયું. મોટા ભાઈએ કહ્યું–ભાઈ, આ પાકના ઢગલા પડયા છે એટલી તેની સંભાળ રાખવા માટે એક જણે રોકાવું પડશે. પહેલાં હું ઘેર જઈ આવું ત્યાં સુધી તું અહીં રહેજે. હું આવું પછી તું જાજે.

એ પ્રમાણે નક્કી કરીને મોટોભાઈ તો ઘેર ગયો.

આ બાજુ ખેતરમાં એકલા રહેલા નાનાભાઈને, બંને ઢગલા દેખીને વિચાર આવ્યો કે મોટાભાઈને તો ઘણો પરિવાર છે ને હું તો એકલો છું....આટલા બધા પાકને મારે શું કરવો છે? મોટાભાઈ આમ તો મારું કાંઈ લેશે નહિ. માટે લાવ, અત્યારે મોટાભાઈને ખબર ન પડે એ રીતે તેના ઢગલામાં થોડું અનાજ નાંખી દઉં. –એમ વિચારી પોતાના ઢગલામાંથી સોએક મણ અનાજ મોટાભાઈના ઢગલામાં નાંખી દીધું. મોટોભાઈ ખેતરે આવ્યો એટલે નાનોભાઈ ઘેર ગયો.

પાછળ ખેતરમાં રહેલા મોટાભાઈને તો કાંઈ ખબર નથી. તેના દિલમાં પણ એવો વિચાર આવ્યો કે મારો નાનો ભાઈ ભોળો છે, એને હજી સંસારની માયાની ખબર નથી, ને કાંઈ મુડી પણ તેણે ભેગી કરી નથી; હું કાંઈ આપીશ તો લેશે પણ નહિ; પણ હું તેનો મોટો ભાઈ છું, મારે તેનું ધ્યાન રાખવું જોઈએ.–એમ વિચારી તેણે પોતાના અનાજના ઢગલામાંથી સોએક મણ અનાજ નાનાભાઈના ઢગલામાં નાખી દીધું.–એક બીજાના હિત માટે કેવી ઊંચી ભાવના!

આ દ્રષ્ટાન્તમાં વસ્તુની કાંઈ કિંમત નથી, બંને ભાઈઓની અરસ–પરસની ભાવનાની કિંમત છે. અને આ દ્રષ્ટાંતનો ઉદ્દેશ છે કે લૌકિક ભાઈ–ભાઈ એકબીજાના હિતનું આવું ધ્યાન રાખે છે, તો ધર્મના સંબંધથી જેઓ એકબીજાના સાધર્મી ભાઈ છે તેઓને તો પરસ્પર એકબીજાના હિત માટે કેવી ઊંચી ભાવના હોય! પોતાની કોઈપણ વિભૂતિ પોતાના સાધર્મીના હિતોપયોગમાં આવે તેવા પ્રસંગે પ્રસન્નતા થાય છે. અહા, સાધર્મી પ્રત્યે જ્યાં આવી ઉત્તમ ભાવના હોય ત્યાં એકબીજાના અનિષ્ટની કે નિંદાની કલ્પનાય કયાંથી હોય?–એમાંય આપણે તો મહાવીરદેવના વીતરાગશાસનના સાધર્મીઓ! ભગવાનના મોક્ષના ૨૫૦૦ વર્ષનો મહાન ઉત્સવ આપણી ઉત્તમ ભાવનાઓ વડે જરૂર શોભી ઊઠવાનો છે.

–જય મહાવીર

(જૈન ‘કલ્યાણ’ ના આધારે, સાભાર)

❀ ❀ ❀ ❀ ❀

જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં,
સો સબ મહિમા જ્ઞાનતની, મુનિનાથ કહૈ હૈ.
વિષય–ચાહ દવ–દાહ, જગત–જન અરનિ દઝાવૈ.
તાસ ઉપાય ન આન, જ્ઞાનધનધાન બુઝાવૈ.

જેઓ મોક્ષ ગયા, જાય છે ને જશે, તે બધાય જીવો સમ્યગ્જ્ઞાનના પ્રતાપે જ મોક્ષ ગયા છે–જાય છે ને જશે.

અરે, વિષયોની ચાહરૂપ દાવાનળમાં બળી રહેલા જીવોને આ જ્ઞાનધારા જ બચાવનાર છે, બીજો કોઈ ઉપાય નથી.

# અધ્યાત્મ-ભાવનાનું ઘોલન

( નવીન સ્વાધ્યાય– )

આ વર્ષ દરમિયાન આ વિભાગમાં કોઈ ને કોઇ નવીન સાહિત્ય આપતા રહીશું; તેમાં વિશેષપણે જ્ઞાન–વૈરાગ્યપોષક સુગમશાસ્ત્રોનો માત્ર અનુવાદ જ આપીશું. અહીં ‘પાહુડ દોહા’ નામની કૃતિ રજુ થાય છે. પરમાત્મપ્રકાશક તથા યોગસાર–દોહરા જેવી જ આ રચના છે; અપભ્રંશ ભાષાની મૂળરચનામાં દોહા ૨૨૨ છે; રચનાર થી યોગીન્દુદેવ હોવાનું અનુમાન છે. તેમાં રસમય શૈલીથી વિધવિધ પ્રકારે અધ્યાત્મભાવનાનું ઘોલન કર્યું છે. તે જિજ્ઞાસુઓને ગમશે.

૧. જેઓ પરંપરાથી આત્મા અને પરનો ભેદ બતાવે છે એવા ગુરુ જ દિનકર છે, ગુરુ જ હિમકરણ–ચંદ્ર છે, ગુરુ જ દીપક છે અને તે ગુરુ જ દેવ છે.

૨. હે વત્સ ! જે સુખ આત્માધીન છે તેનાથી જ તું સંતોષ પામ. જે પરમાં સુખનું ચિંતન કરે છે તેના મનનો સોચ કદી મટતો નથી.

૩. વિષયોથી પરાઙ્મુખ થઈને પોતાના આત્માના ધ્યાનમાં જે સુખ હોય છે તે સુખ, કરોડો, દેવીઓની સાથે રમણ કરનારા ઈન્દ્રને પણ મળતું નથી.

૪. વિષયસુખોને ભોગવતો હોવા છતાં જે પોતાના હૃદયમાં તેને ધારણ કરતો નથી ( અર્થાત્ તેમાં સુખ માનતો નથી ) તે અલ્પકાળમાં શાશ્વતસુખ પામે છે.

૫. વિષયસુખોને ભોગવતા ન હોવા છતાં જે પોતાના હૃદયમાં તેને ભોગવવાનો ભાવ ધારણ કરે છે એવા મનુષ્યો બિચારાં, ‘શાલિસિક્ખ’ મચ્છની જેમ, નરકમાં જઈ પડે છે.

૬. લોકો આપત્તિ વખતે જેમ તેમ બડબડાટ કરે છે, ને પરથી રંજાઈ જાય છે, ( –પણ તેથી કાંઈ સિદ્ધિ નથી ). પોતાના મનની શુદ્ધતાથી નિશ્ચલપણે સ્થિત થતાં જીવ પરલોકને ( –પરમાત્મદશાને ) પામે છે.

૭. ધંધામાં પડેલું આખું જગત અજ્ઞાનવશ કર્મ તો કરે છે, પરંતુ મોક્ષના કારણભૂત પોતાના આત્માનું ચિંતન એક ક્ષણ પણ કરતું નથી.

૮. જ્યાં સુધી આ આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ બોધિ નથી પામતો, ત્યાં સુધી સ્ત્રી–પુત્રાદિકમાં મોહિત થઈને દુઃખ ભોગવતો થકો તે લાખો યોનિઓમાં પરિભ્રમણ કરે છે.

૯. હે જીવ! તને ઇષ્ટ લાગતાં ઘર, પરિજન અને શરીર એ બધાં પદાર્થો તારાથી જુદાં છે, તેને તું પોતાના ન માન. એ બધાં કર્માધીન થયેલી જંજાળ છે–એમ યોગીઓએ આગમમાં બતાવ્યું છે.

૧૦. હે જીવ! તેં મોહને વશ થઈને, જે દુઃખ છે તેને સુખ માની લીધું અને જે સુખ છે તેને દુઃખ માની લીધું; તેથી તું મોક્ષ પામ્યો નહિ.

૧૧. ધન અને પરિજનનું ચિંતન કરવાથી હે જીવ! તું મોક્ષ પામતો નથી; માટે તું તારા આત્માનું જ ચિંતન કર. –એમ કરવાથી તું મહત્ સુખને પામીશ.

૧૨. હે જીવ! જ્યાં દુષ્કૃત્યનો વાસ છે એને તું ગૃહવાસ ન સમજ. ચોક્કસ એ તો યમનો ફેલાવેલો ફંદો છે, તેમાં શંકા નથી.

૧૩. હે મૂઢ જીવ! બહારનું બધું કર્મજાળ છે; પ્રગટ ફોતરાંને તું કૂટ મા. ઘર–પરિજનને શીઘ્ર છોડીને નિર્મળ શિવપદમાં તું પ્રીતિ કર.

૧૪. આકાશમાં ( અર્થાત્ શુદ્ધ આત્મામાં ) જેનો નિવાસ છે તેનો મોહ વિનષ્ટ થઈ જાય છે, મન મૃત્યુ પામે છે, શ્વાસોવાસ છૂટી જાય છે ને તે કેવળજ્ઞાનરૂપે પરિણમી જાય છે.

૧૫. સર્પ બહારમાં કાચળીને તો છોડે છે પરંતુ અંદરના ઝેરને નથી છોડતો, તેમ અજ્ઞાની જીવ દ્રવ્યલિંગ ધારણ કરીને બાહ્યત્યાગ તો કરે છે પરંતુ અંતરમાંથી વિષયભોગની ભાવનાને છોડતો નથી.

૧૬. જે મુનિ છોડેલા વિષયસુખોની ફરીથી અભિલાષ કરે છે તે મુનિ, કેશલોચન અને શરીર–શોષણના કલેશને સહવા છતાં સંસારમાં જ ભ્રમણ કરે છે.

૧૭. આ વિષયસુખ તો બે દિવસ રહેનારાં–ક્ષણિક છે, પછી તો દુઃખની જ પરિપાટી છે. માટે હે જીવ! તું તારા આત્માને ભૂલીને પોતાના જ ખભા ઉપર કૂહાડાનો પ્રહાર ન કર.

૧૮. જેમ દુર્જન પ્રત્યે કરેલા ઉપકાર નકામા જાય છે તેમ, હે જીવ! તું આ શરીરને નવરાવીને તેલમર્દન કર

અને તેને સુમિષ્ટ આહાર દે–તે બધુંય નિરર્થક જવાનું છે.–અર્થાત્ આ શરીર તારા ઉપર કાંઈ ઉપકાર કરવાનું નથી, માટે તું એની મમતા છોડ.

૧૯. અસ્થિર મલિન અને નિર્ગુણ એવી કાયા વડે જો સ્થિર, નિર્મળ અને સારભૂત ગુણવાળી ક્રિયા વૃદ્ધિગત થતી હોય તો તે ક્રિયા કેમ ન કરીએ? (અર્થાત્ આ શરીર વિનાશી, મલિન અને ગુણ વગરનું છે, તેની મમતા છોડીને, તેમાં રહેલા અવિનાશી, પવિત્ર અને સારભૂત ગુણસહિત એવા આત્માની ભાવના જરૂર કર્તવ્ય છે.)

૨૦. વિષ ભલું, વિષધર–સર્પ પણ ભલો, અગ્નિ કે વનવાસનું સેવન પણ ભલું,–પરંતુ જિનધર્મથી વિમુખ એવા મિથ્યાત્વીઓનો સહવાસ ભલો નથી.

૨૧. જે જીવ મૂળગુણોનું ઉન્મૂલન કરીને ઉત્તરગુણોમાં સંલગ્ન રહે છે તે, ડાળીને ચુકી ગયેલા વાનરની જેમ નીચે પડીને ભગ્ન થાય છે. (મૂળગુણથી ભ્રષ્ટ જીવ સાધુપણાથી ભ્રષ્ટ થાય છે.)

૨૨ જો તેં આત્માને નિત્ય અને કેવળજ્ઞાનસ્વભાવી જાણી લીધો છે, તોપછી હે વત્સ! શરીર ઉપર તું અનુરાગ કેમ કરે છે?

૨૩. જિનવચનની અપ્રાપ્તિથી, ચોરાશી લાખ યોનિ મધ્યે એવો કોઈ પ્રદેશ બાકી નથી રહ્યો–કે જ્યાં જીવે પરિભ્રમણ ન કર્યું હોય.

૨૪. જેના ચિત્તમાં જ્ઞાનનું વિસ્ફુરણ થયું નથી, અને જે કર્મના હેતુને જ (પુણ્ય–પાપને જ) કરે છે, તે મુનિ સકલ શાસ્ત્રોને જાણતો હોય તોપણ સુખને નથી પામતો.

૨૫. બોધિથી વિવર્જિત એવા હે જીવ! તું તત્ત્વને વિપરીત માને છે,–કેમકે કર્મથી રચાયેલા ભાવોને તું આત્માના માને છે.

૨૬. હું ગોરો છું, હું શામળો છું, હું વિભિન્ન વર્ણવાળો છું. હું દૂબળો છું કે હું સ્થૂળ છું–એમ હે જીવ! તું ન માન.

૨૭. તું નથી તો પંડિત, કે નથી મૂર્ખ; નથી ઈશ્વર કે નથી દાસ; નથી ગુરુ કે નથી કોઈનો શિષ્ય;–એ સર્વે વિશેષતા તો કર્મજનિત છે. (સ્વભાવથી બધા જીવો જ્ઞાનસ્વરૂપે સરખા છે.)

૨૮. વળી હે જીવ! નથી તો તું કોઈનું કારણ, કે નથી કાર્ય; નથી તું સ્વામી કે નથી સેવક; નથી શૂરો કે નથી કાયર, અને નથી ઉત્તમ કે નથી નીચ.

૨૯. પુણ્ય કે પાપ, કાળ કે આકાશ,

ધર્મ–અધર્મ કે કાયા–તે પણ તું નથી. –હે જીવ! ચેતનભાવ સિવાય આમાંથી એક પણ તું નથી. (જીવના અશુદ્ધભાવ, અને પાંચ અજીવ, એનાથી ભિન્ન શુદ્ધચેતનભાવ તે તું છો.)

૩૦. નથી તું ગોરો કે નથી શામળો, એક પણ વર્ણવાળો તું નથી; દુર્બળ અંગ કે સ્થૂળ અંગ તે તું નથી, તે તો બધા વર્ણસહિત (જડ) છે. તારું સ્વરૂપ તેનાથી જાુદું જાણ.

૩૧. વળી, શ્રેષ્ઠ બ્રાહ્મણ તું નથી, વૈશ્ય નથી, ક્ષત્રિય કે અન્ય પણ તું નથી. તેમજ તું પુરુષ–નપુંસક કે સ્ત્રી નથી. –એમ વિશેષ જાણ.

૩૨. હું તરુણ છું, બૂઢો છું કે બાળક છું, સૂર છું, દિવ્યપંડિત છું, ક્ષપણક અર્થાત્ દિગંબર છું, વંદક છું કે શ્વેતાંબર છું, –એવું કાંઈપણ તું ચિંતવ મા.

૩૩. હે જીવ! દેહનાં જરા–મરણ દેખીને તું ભય ન કર; પોતાના આત્માને તું અજર–અમર પરમબ્રહ્મ જાણ.

૩૪. જરા અને મરણ એ બંને શરીરનાં છે, વિચિત્ર વર્ણ પણ શરીરનાં જ છે, વળી હે જીવ! રોગને પણ તું શરીરનો જ જાણ, અને લિંગો પણ શરીરનાં જ છે.

૩૫. હે આત્મા! નિશ્ચયથી તું એમ જાણ કે તેમાંથી એક પણ સંજ્ઞા જીવને નથી;–જરા કે મરણ બંને નથી, રોગ નથી, ને લિંગ કે વર્ણ પણ નથી.

૩૬. કર્મ કેરા ભાવને જો તું આત્મા કહે છે તો તું પરમપદને નહીં પામી શકે, પરંતુ હજી પણ સંસારમાં ભ્રમણ કરીશ.

૩૭. જ્ઞાનમય આત્મા સિવાય બીજા બધા ભાવો પરાયા છે; તેમને છોડીને હે જીવ! તું શુદ્ધસ્વભાવને ધ્યાવ.

૩૮. જે વર્ણરહિત છે, જે જ્ઞાનમય છે, જે સદ્ભાવને ભાવે છે, જે સંત અને નિરંજન છે તે જ શિવ છે (કલ્યાણરૂપ છે), માટે તેમાં જ અનુરાગ કરો.

૩૯. ત્રણ ભુવનમાં દેવ તો જિનવર દેખાય છે, અને જિનવરદેવમાં આ ત્રણભુવન દેખાય છે; જિનવરના જ્ઞાનમાં સકળ જગત દેખાય છે, તેમાં કોઈ ભેદ કરવો નહીં.

૪૦. કોઈ કહે છે કે હે જીવો! તમે જિનને જાણો....જાણો! પરંતુ જો જ્ઞાનમય આત્માને દેહથી અત્યંત જાુદો જાણી લીધો, તો પછી ભલા! બીજું શું જાણવાનું બાકી રહ્યું?

૪૧. કોઈ કહે છે કે હે જીવો! તમે જિનને વંદો......જિનને વંદો.–પરંતુ જો પોતાના દેહમાં જ રહેલા પરમાર્થને જાણી લીધો, તો પછી ભલા! બીજા કોને વંદવાનું બાકી રહ્યું?

૪૨. (૧) જેમ હાથીનું બચ્ચું અથવા ઊંટ કમળને દેખતાં પોતાનાં બંધન તોડીને વિચરે છે, તેમ જેનું મન અક્ષયિનીરામા (મુક્તિરમણી) માં લાગેલું છે તે બુધજન જગતમાં રતિ કેમ કરે છે? (–તે સંસારનાં બંધન તોડીને મોક્ષમાર્ગમાં વિચરે છે.)

(બીજો અર્થઃ અક્ષય એવી મોક્ષસુંદરીમાં જેનું મન લાગ્યું છે તે બુધજન જગતમાં રતિ કેમ કરે? માટે હે જીવ! તું ઊંટ ઉપર પલાણ નાંખ અને તેનાં બંધન છોડી દે–કે જેથી તે (મોક્ષ તરફ) આગળ વધે.

૪૩. હે જીવ! પાંચ ઇન્દ્રિયના સંબંધમાં તું ઢીલો ન થા. (–ઉગ્રપણે તેને વશ કર.) તેમાં બેનું તો નિવારણ કર–એક તો જીભને રોક અને બીજું પરાઈ નારીને છોડ.

૪૪. રે જીવ! તેં ન તો પાંચ બળદ રાખ્યા, કે ન કદી તું નંદનવનમાં ગયો, મફતનો પરિવ્રાજક થઈ ગયો!–તેમ તેં ન તો આત્માને જાણ્યો કે ન પરને જાણ્યા, મફતનો પરિવ્રાજક બની બેઠો! (પાંચ ઇન્દ્રિયરૂપી બળદને જેણે વશ નથી કર્યા, ને સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને ચૈતન્યના નંદનવનમાં જેણે પ્રવેશ નથી કર્યો તેને પ્રવજ્યા હોતી નથી.)

૪૫. હે સખી! પિયુને તો બહારમાં પાંચનો સ્નેહ લાગ્યો છે; જે દુષ્ટ પરની સાથે મળેલો છે તેનું સ્વઘરમાં આગમન દેખાતું નથી. (પાંચ ઇન્દ્રિયના વિષયોમાં ફસાયેલો જીવ સ્વપરિણતિના આત્મિકઆનંદને અનુભવી શકતો નથી.)

૪૬. જ્યારે મન ચિંતારહિત–નિશ્ચિત થઈને સૂઈ જાય છે (એટલે કે એકાગ્ર થઈને થંભી જાય છે) ત્યારે જ તે ઉપદેશને સમજી શકે છે; અને અચિત્ત વસ્તુથી ચિત્તને જે અલગ કરે છે તે જ નિશ્ચિંત થાય છે.

૪૭. જે આગળ દેખતો થકો માર્ગમાં (ધ્યેય તરફ) ચાલ્યો જાય છે, તેના પગમાં કદાચિત્ કાંટો લાગી જાય તો લાગો, તેમાં તેનો દોષ નથી. (પૂર્વકૃત કોઈ અશુભ ઉદય આવી પડે તેમાં વર્તમાન આરાધનાનો દોષ નથી.)

૪૮. એને છોડી દો....મોકળું મેલી દો....સ્વતંત્રપણે એને જ્યાં ગમે ત્યાં ભલે જાય; સિદ્ધિ–મહાપુરી તરફ એને આગળ વધવા દો. કાંઈ હર્ષ–વિવાદ ન કરો. (આત્માને ઇન્દ્રિયવિષયોના બંધનથી મુક્ત કરીને, મોક્ષપુરી તરફ આનંદથી જવા દો. પાંચ ઇન્દ્રિયવિષયોથી મુક્ત થયેલું મન સિદ્ધપુરી તરફ પ્રયાણ કરે છે.)
: (ચાલુ)

# પૂ. ગુરુદેવના મંગલ પ્રવાસનો કાર્યક્રમ

એક તરફ ભારતભરમાં ભગવાન મહાવીરના નિર્વાણનો અઢીહજારવર્ષીય મહાન ઉત્સવ ચાલી રહ્યો છે, ઠેરઠેર ધર્મચક્રનું પ્રવર્તન થઈ રહ્યું છે; તો બીજી તરફ વીરનાથપ્રભુના પંચકલ્યાણક તેમજ તીર્થયાત્રા વગેરે મંગલપ્રસંગ નિમિત્તે ગુરુદેવનો મંગલ પ્રવાસ ભારતના અનેક ભાગમાં થવાનો છે, તેમાં ગુરુદેવ ઠેરઠેર વીરનાથનો મંગલસન્દેશ સંભળાવશે. તે પ્રવાસના કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે–

* સોનગઢથી માહસુદ ૧ તા. ૧૧ ને મંગળવારે સવારમાં પ્રસ્થાન કરી તા. ૧૧–૧૨ જેતપુર થઈને તા. ૧૩મીએ જુનાગઢ–ગીરનાર તળેટીમાં પધારશે.
* જુનાગઢ–ગીરનાર માહસુદ ૨ થી ૫ ( તા. ૧૩ થી ૧૬ ફેબ્રુઆરી ), તે દરમિયાન ગીરનાર તળેટીની ધર્મશાળામાં નવનિર્મિત માનસ્તંભમાં વેદીપ્રતિષ્ઠા થશે; તથા ગીરનારતીર્થની યાત્રા માહસુદ ૪ ને શનિવારે થશે. પ્રતિષ્ઠાનું મૂરત માહસુદ પાંચમનું છે. ગુજરાતનો યાત્રાસંઘ પણ ધર્મચક્રસહિત તીર્થયાત્રામાં ભાગ લેશે.
* જુનાગઢ પછી ગુરુદેવ એક દિવસ માટે સોનગઢ ( તા. ૧૭ મીએ ) પધારશે. તા. ૧૮–૧૯ સૂરત, તા. ૨૦ મુંબઈ થઈને તા. ૨૧મીને શુક્રવારે ભોપાલ પધારશે.
* ભોપાલ–પીપલાની ( તા. ૨૧ થી ૨૮ ) તે દરમિયાન ત્યાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન છે. પ્રતિષ્ઠાનું મૂરત માહવદ ત્રીજ છે.
* ભોપાલ પછી તા. ૧ માર્ચે બેગમગંજ થઈને, તા. ૨–૩–૪ માર્ચ ખુરઈ પધારશે. ત્યાં માનસ્તંભવેદીપ્રતિષ્ઠા ( માહવદ સાતમે ) છે.
* સનાવદ ( તા. ૫ થી ૮ ) તે દરમિયાન સમવસરણમાં સીમંધરપ્રભુની વેદીપ્રતિષ્ઠા ( માહવદ ૧૧ ની ) છે. ( તા. ૯ મીએ ઇંદોર અને ભોપાલ થઈને સાગર તરફ )
* સાગર ( તા. ૧૦ થી ૧૩ માર્ચ ); બીના–બજરિયા ( તા. ૧૪–૧૫ );
* ઇન્દોર ( તા. ૧૬ થી ૧૯ ).

* લોહારદા તા. ૨૦ થી ૨૨; ખાતેગાંવ ( તા. ૨૩–૨૪ ફા. સુદ. ૧૧–૧૨ ); બડનગર ( તા. ૨૫–૨૬ માર્ચ )

* સિદ્ધવરકૂટ–તીર્થયાત્રા ( તા. ૨૭–૨૮ માર્ચઃ ફાગણસુદ ૧૫ તથા વદ ૧ ) ખંડવા ( તા. ૨૯–૩૦–૩૧ ).

* જલગાંવ ( એપ્રિલ તા. ૧–૨–૩ ); ધરણગાંવ ( તા. ૪ ); ત્યાંથી ઔરંગાબાદ અને મુંબઈ થઈને મદ્રાસ તરફ.

* મદ્રાસ ( તા. ૫–૬–૭ એપ્રીલ ફાગણ વદ ૯–૧૦–૧૧ ( શનિ–રવિ–સોમ. )

* બેંગલોર ( તા. ૮ થી ૨૩; ફા. વ. ૧૨ થી ચૈત્રસુદ ૧૩ સોળ દિવસ ) તે દરમિયાન મહાવીરપ્રભુનો પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવ, વીરપ્રભુનો જન્મકલ્યાણક; તથા ધાર્મિકશિક્ષણશિબિર વગેરેનું ભવ્ય આયોજન છે પ્રતિષ્ઠાનું મૂરત ચૈત્રસુદ તેરસ છે.

* શ્રવણબેલગોલ ( બાહુબલી યાત્રા ) ( ચૈત્ર સુદ ૧૪–૧૫ તા. ૨૪–૨૫ એપ્રિલ ) : ગુજરાતનો યાત્રાસંઘ પણ ધર્મચક્રસહિત તીર્થયાત્રામાં ભાગ લેશે.

* મુંબઈ ચૈત્ર વદ ૧ થી ૧૦ તા. ૨૬–૪–૭૫ થી ૫–૫–૭૫ દશ દિવસ.

* અમદાવાદ ચૈત્ર વદ થી વૈશાખ સુદ બીજ ( તા. ૬ થી ૧૩ આઠ દિવસ ) ગુરુદેવની ૮૬ મી જન્મ–જયંતિ વૈ. સુ. ૨ તા. ૧૩ મંગળવારના રોજ ઉજવાશે.

* અમદાવાદથી સુરેન્દ્રનગર ( વૈ. સુદ ૩ થી ૭ );

* રાજકોટ વૈ. સુ. ૮ થી વદ ૧ ( તા. ૧૮ થી ૨૬ ).

* જામનગર વૈ. વદ ૨ થી ૫ ( તા. ૨૭ થી ૩૦ સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન; જામનગરથી કોટા તરફ ( વાયા મુંબઈઃ તા. ૩૦ )

* જયપુર ( તા. ૩૧ ) થઈને કોટા તા. ૧ થી ૮ જુન ( રવિવાર થી રવિવાર ) વૈ. વદ ૭ થી ૧૪ઃ વીતરાગવિજ્ઞાન શિક્ષણશિબિર ચાલશે.

* કોટાથી મુંબઇ તા. ૯; ભાવનગર તા. ૧૦ લાઠી તા. ૧૧ થી ૧૪ જેઠ સુદ ૨ થી ૫;

* સોનગઢ તા. ૧૫ જુન જેઠ સુદ ૬ રવિવારે મંગલ આગમન.

# મંગલ તીર્થ ગીરનાર અને ત્યાનાં સંતો

ૐ

શ્રી નેમીનાથ ભગવાનનું ચારીત્ર ધામ કેવળજ્ઞાન ધામ સમશ્રેણીએ સિધ્ધાલય ધામના સ્મરણનું સ્થાન શ્રી ગીરનાર ધામનો જયવંતો.

(વીર સં. ૨૪૮૭ માં યાત્રાવખતે ગીરનાર ઉપર બેઠાબેઠા ગુરુદેવે ‘સુવર્ણ સન્દેશ’ માટે જે યાદગાર હસ્તાક્ષર કરી આપેલા તે અહીં સાભાર આપ્યા છે.)

શ્રી નેમપ્રભુની સાધનાભૂમિ તેમજ સિદ્ધભૂમિ ગીરનાર, ષટ્ખંડાગમની જન્મભૂમિ ગીરનાર, ‘ધવલ’ માં ‘ક્ષેત્ર–મંગળ’ તરીકે વીરસેનસ્વામીએ જેનું સ્મરણ કર્યું છે તે ગીરનાર, કુંદકુંદસ્વામીએ યાત્રા વખતે જ્યાં જૈનધર્મનો જયજયકાર વર્તાવ્યો તે ગીરનાર, અને આ મહા સુદ ચોથે ગુરુદેવ સાથે આપણે ચોથી વખત જેની યાત્રા કરીશું તે મંગલતીર્થ ગીરનાર!–જાણે વૈરાગ્યનો મોટો પુંજ! જાણે મુનિવરોના અતીન્દ્રિય આનંદનો પ્રતિનિધિ! ‘વાહ ગીરનાર વાહ!’

ભગવાન નેમિનાથપ્રભુની આ કલ્યાણભૂમિ! વિવાહ સમયે વૈરાગ્ય પામી જેઓ હસ્રઆમ્રવનમાં આવ્યા ને દીક્ષા લઈને રત્નત્રય પામ્યા; ચોથું ને પાંચમું જ્ઞાન પણ પ્રભુને આ દીક્ષાવનમાં જ પ્રગટ્યું. એ દીક્ષાવન આજે પણ કોઈ અનેરા ઉપશાંતભાવથી છવાઈ ગયું છે.

સૌરાષ્ટ્રના ઉન્નત તીર્થધામમાં અનેક સંતોની આત્મસાધનાના રણકાર ગુંજી રહ્યા છે.

(૧) પહેલી ટૂંકે ધરસેનસ્વામીની ચંદ્રગૂફામાં જિનવાણીના રણકાર ગૂંજી રહ્યા છે, ને રાજુલની ગૂફા જગતને વૈરાગ્યનો સન્દેશ આપી રહી છે.

(૨) બીજી ટૂંકે શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધકુમાર તપસ્યા કરીને મુક્તિ પામ્યા છે, તેમનાં ચરણચિહ્ન છે.

(૩) ત્રીજી ટૂંક શ્રી કૃષ્ણ–પુત્ર શંબુકુમારના મોક્ષગમનથી પાવન થઈ છે; અંબાજીના મંદિર પાસે તેમનાં ચરણપાદૂકા શોભી રહ્યા છે.

(૪) ઊંચી ઊંચી ચોથી ટૂંક પ્રદ્યુમ્નકુમારની મોક્ષસાધનાનો સન્દેશ આપી રહી છે. આ ચોથી ટૂંક ઉપર પર્વતમાં જિનમૂર્તિ તથા પ્રદ્યુમ્નપ્રભુનાં ચરણચિહ્ન કોતરેલા છે. (ત્યાં ન ચઢી શકો તો આપ પાંચમી ટૂંક ઉપરથી પણ તેનાં દર્શન કરી શકશો.)

(૫) ભગવાન નેમિનાથ તીર્થંકરના મોક્ષકલ્યાણકથી પાવન થયેલી પાંચમી ટૂંક ભવ્યજીવોને મોક્ષનો સંદેશ આપી રહી છે. ત્યાં પર્વતમાં કોતરેલી જિનમૂર્તિ (જર્જરિત હાલતમાં) છે, તથા નેમપ્રભુના પગલાં છે. આ પગલાં દેશ–કાળ અનુસાર ફૂલથી ઢાંકેલા કે જે હાલતમાં હોય તે હાલતમાં દર્શન કરીને સંતોષ માની લેવો, ફૂલ દૂર કરવાનો કે બીજો કોઈ આગ્રહ કરવો નહિ.–વૈરાગ્યથી મોક્ષભાવના ભાવવી.

* સહસ્રઆમ્રવનના રસ્તે જતાં ગૌમુખીગંગાના સ્થાને ૨૪ તીર્થંકરોનાં ચરણચિહ્નનાં દર્શન થશે.

નેમિનાથ કે જેઓ આનંદનું ધામ છે–તેમની સ્તુતિ કરતાં શ્રી પદ્મપ્રભમુનિ કહે છે કે–

शतमख-शतपूज्यः प्राज्य सद्बोधराज्यः

स्मरतिरसुरनाथः प्रास्तः दुष्टाधयुथः।

पुदनत वनमाली भव्यपद्मांशुमाली

दिशतु शमनिशं नो नेमिरानन्दभूमिः।।

જેઓ સો ઇન્દ્રો વડે પૂજ્ય છે, જેમને સમ્યગ્જ્ઞાનરૂપી વિશાળ રાજ્ય છે, કામને જીતનારા લોકાંતિક દેવોના જેઓ નાથ છે, દુષ્ટ પાપસમૂહનો જેમણે નાશ કર્યો છે, શ્રીકૃષ્ણ જેમનાં ચરણોમાં નમ્યા છે; ભવ્યકમળને વિકસાવવામાં જેઓ સૂર્યસમાન છે, તે આનંદભૂમિ નેમિનાથ અમને શાશ્વતસુખ આપો.

-जय गीरनार

-जय नेमिनाथ

## બાળકોની કલમે–

(આત્મધર્મ વાંચનારા બાળકોને ઘણીવાર આત્માસંબંધમાં કેવી મજાની ઉર્મિ જાગે છે–તે આપ આ ભાંગ્યાતૂટયા કાવ્યામાં જોશો.)

(૧) વાત જ ન્યારી

પંચમકાળે પંચમગતિની વાત જ ન્યારી,
એમાં પણ અંતરમાં બેસવાની બલીહારી,
દુઃખમય સંસારથી છૂટવાની છે વારી,
માટે તું પ્રગટાવી દે સુજ્ઞાનની ચિનગારી,
લે તારી નાવને મધદરિયેથી ઉગારી.

(૨) દેખો આતમરામમાં

થયા છે ભેગા પરમાણુ પુદ્ગલના,
ફાયદો શું છે અરે, એમાં રાચવામાં!
કલ્યાણ માટે નથી એ કંઈ કામના,
એના માટે રટણ કરો આતમાના,
પરથી લક્ષ છોડો, દેખો ચેતનરામમાં.

(૩) સુંદર જીવન જીવી લે

સંસારનો તું રંગ છોડી દે.
સિદ્ધની સાથે તું સંગ જોડી દે.
મોહ–મિથ્યાત્વના ભાવ છોડી દે,
જિન સ્વભાવ જ્ઞાન, તેમાં દ્રષ્ટિ જોડી દે,
સુંદર સુખઝરતું તું જીવન જીવી લે.

## * અમૃત જેવું ઔષધ *

સંસારરસની ચીકાસ એવી આકરી છે કે ચૈતન્યના મહાન વીતરાગીરસવડે જ તે તૂટી શકે છે. ચૈતન્યરસ જેવું મહાન સુંદર બીજું કાંઈ નથી; તે જ બધાય રોગનો નાશ કરનારું અમૃત જેવું મીઠું ઔષધ છે.

* વાહ રે વાહ! ચૈતન્યરસ! *

અરે, જીવનના આવા અવસરમાં, અને આવા મજાના જૈન દેવગુરુશાસ્ત્ર પામીને, હવે તો હે જીવ! તું તારા ચૈતન્યરસને ચાખ! આ સંસારના–કષાયના કડવારસને કયાં સુધી ચાખીશ! અકષાય–શાંત–મીઠા ચૈતન્યરસને ઝટ ચાખી લે!

વાહ રે વાહ, ચૈતન્યરસ! તેં તરસ્યા ભવ્યજીવોની તરસ મટાડીને તૃપ્ત કર્યા છે.

સૂચનાઃ ગુજરાતમાં દુષ્કાળના વર્ષને કારણે આ વર્ષ દરમિયાન સોનગઢમાં કહાન–રાહત કેન્દ્ર ટ્રસ્ટ તરફથી પાંચસો જેટલી ગાયોને હંમેશાં ઘાસચારો નીરવામાં આવે છે; ને તે માટે ફંડ થયેલ છે–જે ચાલુ છે. ફંડ માટેની રકમો “શ્રી કહાન રાહત કેન્દ્ર–ટ્રસ્ટ” એ નામથી મોકલવા સૂચના છે. આપ પણ આ કાર્યમાં આપનો સહકાર આપી શકો છો.

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ. સોનગઢ (સૌરાષ્ટ્ર) પોષ
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૬૦૦